અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 239, Dt.19-07-2023 (Wednesday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુવિચાર

ખાલી ખરો નિર્ણય લઈ લેવો એમાં કંઈ હોશિયારી નથી પણ ખરા સમયે ખરો નિર્ણય લેવો એમાં હોશિયારીની વાત છે.

રાજ્યમાં આગામી પાંચ દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી

સુત્રાપાડામાં આભ ફાટ્યું, ૨૫ ઈંચ : વેરાવળમાં ૨૩ ઈંચ

ગીર સોમનાથ જિલ્લાને ૨૪ કલાકમાં ધમરોળી નાંખતા મેઘરાજાઃ તાલાલામાં પણ ૧૨ ઈંચ ખાબકયો : ગીર ગઢડામાં ૧.૫ ઈંચ, ઉનામાં માત્ર ઝાપટા : ખેતરોમાં પાણી ભરાયા : વેરાવળના એસ.ટી. રોડ પર પાણી ભરાઈ જતા વેપારીઓ હેરાન

(અમારા પ્રતિનીધી દ્વારા) વેરાવળ, તા. ૧૯

ગીર સોમનાથ જીલ્લાના ચાર તાલુકાઓ ઉપર મેઘરાજા ઓળઘોળ બની દિવસભર હેત વરસાવ્યું છે. ગઈકાલે સવારે ૬ થી આજે સવારે ૮ વાગ્યા સુધીમાં જીલ્લાના સુત્રાપાડામાં ૨૫ ઈંચ જેટલો ભારે વરસાદ વરસી જતા પુરૂ નગર પાણી પાણી થઈ ગયું છે. જયારે કોડીનારમાં ૯ ઈંચ, વેરાવળમાં ૨૩ ઈંચ અને તાલાલામાં ૧૨ ઈંચ જેવો ભારે વરસાદ વરસ્યો છે.

ગીરગઢડામાં ૧ ઈંચ અને ઉનામાં ઝાપટા વરસ્યા છે. સુત્રાપાડામાં ગત સાંજે બે કલાકમાં પાંચ ઈંચ વરસાદ પડતા અનેક ગામોના ઘરોમાં વરસાદી પાણી ઘૂસી જતા લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા. આ બાદ સાંજે અને પૂરી રાત વરસાદ પડતા તાલુકામાં ૨૨ ઈંચ જેટલું પાણી વરસી ગયું છે. આજે સવાર સુધી વરસાદ ચાલુ રહ્યો હતો.

હવામાન વિભાગની આગાહી મુજબ ગઈકાલ સવાર થી જ જિલ્લાના વેરાવળ, સુત્રાપાડા, કોડીનાર અને તાલાલા ચારેય તાલુકાઓના વાતાવરણમાં પલટો આવતા આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાઈ જઈ મેઘરાજાએ ધીમીધારે હેત વરસાવવાનું શરૂ કરેલ જે દિવસભર ચાલુ રહેલ હતું. દિવસ દરમ્યાન અનેકવાર ધોધમાર તો ઘડીભર ધીમીધારે સતત વરસાદ વરસી રહ્યો હતો.

ગઈકાલે ચારેય તાલુકાઓમાં ૪ થી લઈને ૨૨ ઈંચ જેવા ભારે વરસાદ વરસ્યાના પગલે અનેક નદીઓમાં ઘોડાપુર આવેલ તો નાળાઓ પણ છલકાય ગયા હતા. અમુક ગ્રામ્ય વિસ્તારોના તથા શહેરના માર્ગો ઉપર ગોઠણડુબ પાણી ભરાઈ ગયા હતા. જેના લીધે વાહન ચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો.

ગઈકાલે વેરાવળ સોમનાથ જોડીયા શહેરમાં સવારથી સતત વરસાદ વરસી રહેલ અને સાંજ સુધીમાં ૬ ઈંચ જેવો ધીમીધારે વરસાદ વરસી ગયો હતો. જેના પગલે બજારોમાં રજા જેવો માહોલ જોવા મળતો હતો. બાદ રાતથી સવાર સુધીમાં અનરાધાર વરસાદ ચાલુ રહેલા ૨૪ કલાકમાં કુલ ૨૩ ઈંચ પાણી પડી ગયું હતું.

ભારે વરસાદના કારણે ઉમરેઠી સ્થિત હિરણ ૨ ડેમના સાતેય દરવાજા ખોલવા પડયા હતા. ગીર પંથકમાં મૂશળધાર વરસાદ કારણે પાણીની ભરપુર આવક હોવાથી હિરણ ૨ ડેમના સાતેય દરવાજા મોડી સાંજે ખોલવામાં આવ્યા. જેમાં પાંચ દરવાજા ૦.૬૦ મીટર (બે ફુટ) અને બે દરવાજા ૦.૩૦ મીટર (એક ફુટ) ખોલવામાં આવ્યા છે. જેમાંથી ૧૩,૫૫૭ ક્યુસેક પાણીનો પ્રવાહ વહી રહ્યો છે. સમગ્ર જીલ્લામાં મનમૂકીને મેઘરાજા વરસી જઈ વ્હાલ વરસાવ્યું હોય તેમ ગત રાત્રીના આઠ વાગ્યા સુધીમાં સુત્રાપાડામાં ૩૪૫ મીમી (૧૪ ઈંચ), વેરાવળમાં ૧૩૭ મીમી (૬ ઈંચ), કોડીનારમાં ૧૮૮ મીમી (૮ ઈંચ), તાલાલામાં ૧૦૬ મી.મી. (૪ ઈંચ), ગીરગઢડામાં ૩૧ મી.મી. (દોઢ ઈંચ) અને ઉનામાં ફકત ૩ મી.મી. વરસાદ વરસ્યો હતો. આ બાદ રાત્રે પણ વરસાદ ચાલુ રહેતા સુત્રાપાડા ૨૫, વેરાવળ ૨૩, તાલાલા ૧૨ ઈંચ વરસાદ ખાબકયો હતો. કોડીનારમાં ૯ ઈંચ વરસાદ નોંધાયો હતો. વેરાવળ શહેરમાં એસટી રોડ ઉપર નગરપાલિકા દ્વારા ચોમાસામાં ભરાતા પાણીના નિકાલ માટે ભૂગર્ભ લાઈન નાખેલ જેના દ્વારા રોડ ઉપર પાણી ભરવાના પ્રશ્નનો હલ થાય તે હેતુ હોય પરંતુ હાલ વરસાદ ચાલુ હોય કારડીયા બોર્ડિંગ થી ટાવર સુધીમાં લાઈન નાખેલ હોય તેમાં પાણીનો નિકાલ થશે તેવી આશા હતી. પરંતુ સેનેટરી વિભાગ અને અધિકારીઓમા સંકલન ન હોવાના હિસાબે ત્યાંના ઢાંકણા ખોલવામાં આવેલ ન હોવાથી પાણીનો નિકાલ થતો ન હોય અને રાહદારીઓ તથા વેપારીઓને સુવિધાને બદલે દુવિધાનો ભોગ બનવું પડેલ હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું.

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજથી આઠ દિવસ નવો વરસાદી રાઉન્ડ શરૂ

મોટાભાગનાં વિસ્તારોમાં મધ્યમથી ભારે અને અમુક વિસ્તારોમાં અતિભારે વરસાદ પડશેઃ ૨ થી ૮ ઈંચ સુધીનાં વરસાદની શકયતા

રાજકોટ.તા.૧૯

આજથી આગામી તા.૨૫ જુલાઈ સુધી જુદા જુદા ચાર પરિબળોનાં કારણે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં મોટાભાગનાં સ્થળોએ મધ્યમથી ભારે અને અમુક સેન્ટરોમાં અતિભારે વરસાદ સમયાંતરે પડવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટે કરી છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજયનાં ૬૭ તાલુકામાં વરસાદ પડયો છે. જે પૈકી ૨૯ તાલુકાઓમાં ૧૦ મીમીથી વધુ વરસાદ થયો છે. તા.૧૭ જુલાઈ સુધીમાં જેટલો વરસાદ પડવો જોઈએ તેના કરતા ૧૪૭ ટકા વધુ વરસાદ સૌરાષ્ટ્ર-કચ્છ રીજીયનમાં પડયો છે. ખાસ કરીને કચ્છ રીજીયનમાં ૩૧૯ ટકા વધુ વરસાદ પડયો છે.

જયારે ગુજરાત રીજીયનમાં ૩૬ ટકા વધુ વરસાદ પડયો છે અને સમગ્ર રાજયમાં ૮૪ ટકા વધુ વરસાદ પડેલ છે. તેમ છતા દેશ લેવલે ઘણા રાજયોમાં તેલંગાણા, ઓડીસા, ઝારખંડ, બિહાર તથા પુર્વોતરમાં મણીપુર, મિઝોરમ, ત્રિપુરા અને અરૂણાચલ પ્રદેશનો સમાવેશ થાય છે. દરમ્યાન હવે આજ તા.૧૮ થી આગામી તા.૨૫ સુધી વિવિધ પરિબળો કામ કરશે. જે પૈકી ગુજરાત રાજય અને લાગુ અરબી સમુદ્ર ઉપર ૩.૧ કી.મી.નાં લેવલનું અપરએર સાયકલોનીકલ સર્કયુલેશન છે. તથા ચોમાસું ધરી નોર્મલ અથવા અમુક દિવસ ધરીનો પશ્ચિમ છેડો દક્ષિણ તરફ રહે અને ઉતર ગુજરાત તરફ આવી શકે.

ચોમાસુ ધરી ૧.૫ કીમીના લેવલમાં નોર્મલ રહે અથવા અમુક દિવસ ધરીનો પશ્ચિમ છેડો દક્ષિણ તરફ આવે તેમજ એક બહોળુ અપરએર સાયકલોનીક સરકર્યુલેશન ૧.૫, ૩.૧ અને ૫.૫ કીમીના લેવલમાં છવાશે.

જયારે બંગાળની ખાડી બાજુ એક-બે અપર એર સાયકલોનીક સર્કયુલેશન થવાના હોય મોન્સુન ટ્રફ સક્રિય થશે. દક્ષિણ ગુજરાતથી કેરાલા સુધી તા.૧૮ થી ૨૫ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત અને કચ્છમાં સારા વરસાદનો રાઉન્ડ રહેશે.ઘણા વિસ્તારોમાં એકથી વધુ રાઉન્ડની શકયતા છે. સૌરાષ્ટ્ર-કચ્છનાં ૫૦ ટકા વિસ્તારમાં ૨ ઈંચ સુધીનાં વરસાદની શકયતા છે. જયારે બાકીનાં ૫૦ ટકા વિસ્તારમાં ૨ થી ૪ ઈંચ અને સૌરાષ્ટ્રના અતિભારે વરસાદના સેન્ટરોમાં ૮ ઈંચ ઉપર વરસાદ પડવાની શકયતા છે. આજ રીતે ગુજરાતમાં ૫૦ ટકા વિસ્તારમાં ૨.૫ ઈંચ જેટલો જયારે બાકીના ૫૦ ટકા વિસ્તારમાં ૨.૫ થી ૫ ઈંચ અને અતિભારે વરસાદની શકયતાવાળા સેન્ટરોમાં ૮ ઈંચથી વધુ વરસાદ પડવાની શકયતા હોવાનું જણાવેલ હતું.

સુરતમાં મેઘરાજાની સટ્ટાસટીઃ બે કલાકમાં ચાર ઈંચ વરસ્યો

સુરત,તા.૧૯

રાજયમાં હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ આજથી પાંચ દિવસ રાજયમાં સાર્વત્રિક મેઘમહેરની આગાહી કરવામાં આવી છે ત્યારે આજથી વરસાદના ત્રીજા રાઉન્ડમાં વહેલી સવારથી સુરતમાં અનરાધાર વરસાદ વરસતા બે કલાકમાં ચાર.ઈંચ વરસાદ વરસતા સુરત મહાનગરમાં ઠેર-ઠેર વિસ્તારોમાં પાણી ફરી વળતા જનજીવન સાથે વાહન વ્યવહારને અસર પડી હતી.સુરત સહિત દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં આજે સવારથી અનરાધાર વરસાદ વરસી રહ્યા છે.

સુરતમાં વહેલી સવારથી ભારે વરસાદનાં કારણે ઉધતા દરવાજા, લીંબાયત, અડાજણ, સિવિલ પાસે, મીડી ખાડી સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતાં. સુરતના સહારા દરવાજા પાસે સરકારી બસ પાણી ભરાવાને કારણે બંધ થતાં બસમાં સવાર યાત્રીઓ ફસાતા બારીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતાં.

સુરતની સ્મિમેર હોસ્પિટલમાં ગ્રાઉન્ડ ફલોરમાં પાણી ફરી વળતા સીટી સ્કેન, એકસ-રે અને લોન્ડ્રી સહિતના ડિપાર્ટમેન્ટમાં પાણી ભરાતા દર્દીઓની મુશ્કેલીઓમાં વધારો થયો હતો.

લીંબાયત વિસ્તારમાં બે કલાકમાં ચાર ઈંચ વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતાં. ઉધના દરવાજાની પાસે મેઈન રોડ પર પાણી ભરાઈ જતા એક કાર ફસાઈ હતી.રહીશોએ ધકકા મારી કારને બહાર કાઢી હતી.સુરતનો ક્રોઝવે પણ ઓવરફલો થતા વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો.ઉપરવાસના ભારે વરસાદને પગલે સુરતના ઉકાઈ ડેમમાં પણ નવા નીર આવતા ડેમની સપાટી ૩૧૪.૪૨ ફુટ નોંધાઈ છે.

નવ ઈંચ વરસાદથી કોડીનાર જળબંબાકાર

કોડીનાર શહેર અને તાલુકામાં ગઈકાલે વ્હેલી સવાર થી મેઘરાજા એ ધમાકેદાર એન્ટ્રી કરતા અને સવારે ૧૦ થી ૧૨ બે કલાક માં પોણા ત્રણ ઈંચ વરસાદ સાથે સાંજે ૬ વાગ્યા સુધી ૮ કલાક માં ૭.૫ ઈંચ જેટલો ભારે વરસાદ પડતાં કોડીનારમાં સર્વત્ર પાણી નું સામ્રાજ્ય છવાયું છે. કોડીનારમાં ગત વહેલી સવાર થી ધીમીધારે શરુ થયેલા વરસાદે સવારે ૧૦ વાગ્યે રોદ્ર સ્વરૂપ ધારણ કરતાં ૨ કલાકમાં જ પોણો ત્રણ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકાર થતાં અનેક નીચાણ વાળાં વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયાં છે,જેમાં બસ સ્ટેન્ડ તેમજ બસ સ્ટેન્ડની પાછળ ના ભાગ, ફેકટરી રોડ સહિત અનેક રોડ રસ્તાઓ સહિત રહેણાંકી વિસ્તારોમાં ગોઠણડૂબ વરસાદી પાણી ભરાતા રાહદારીઓ અને વાહન ચાલકો ભારે પરેશાનીમાં મુકાયા હતા.તેમજ ખેતરો માં પણ મોટા પ્રમાણમાં વરસાદી પાણી ભરાઈ જતાં સર્વત્ર પાણી જ પાણી દેખાઈ રહ્યું છે. આજે સાવરે સુધીમાં ૯ ઈંચ વરસાદ પડયો હતો.

રાજ્યમાં આજે સવારથી જ વરસાદી માહોલ

રાજ્યમાં હવામાન વિભાગની ભારે વરસાદની આગાહીના પગલે મેઘરાજાએ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના તાલુકાઓને ઘમરોવ્યુ હતું. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો ૧૭૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો જેમા રાજ્યના ૫ તાલુકાઓમાં ૧૦થી ૨૨ ઇંચ, ૧૧ તાલુકાઓમાં ત્રણથી ૫ ઇંચ જ્યારે ૫ તાલુકાઓમાં બેથી ત્રણ ઇંચ વરસાદ નોંધાયો હતો. આજે વહેલી સવારથી જ વરસાદી વાતાવરણ વચ્ચે અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. ગઇકાલે ગીર સોમનાથ જિલ્લામાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી જેના પગલે અનેક ગામોમાં પાણી ભરાય ગયા હતા. આ ઉપરાંત નદી અને નાળા છલકાઈ ગયા હતા. ભારે વરસાદને પગલે ઠેર-ઠેર પાણી ભરાયા હતા.

ભાદર–૨ ડેમના ૬ દરવાજા ૪ ફુટ ખોલાયા

રાજકોટ સિંચાઈ વર્તુળ તરફથી મળેલ સૂચના અનુસાર, ભારે વરસાદને કારણે ધોરાજી તાલુકાના ભાદર-૨ ડેમનાં ૬ દરવાજા ૪ ફૂટ ખોલવામાં આવ્યા છે તથા ૪૭૩૬૪ ક્યુસેક પાણીની આવક સામે ૩૧૫૯૦ ક્યુસેક પાણીનો પ્રવાહ છોડવામાં આવી રહ્યો હોવાથી ધોરાજી તાલુકાના ભોળા, ભોળગામડા, છાડવાવદર અને સુપેડી તેમજ ઉપલેટા તાલુકાના ડુમિયાણી, ચીખલીયા, સમઢીયાળા, ગણોદ, ભીમોરા, ગાધા, ગંદોડ, હાડફોડી, ઈસરા, કુંઢેચ, લાઠ, મેલી મજેઠી, નિલાખા, તલગણા તથા ઉપલેટાના લોકોને નદીના પટમાં અવરજવર નહિ કરવા તેમજ સાવચેત રહેવા જણાવાયું છે.

આગામી પાંચ દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી પાંચ દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દિવસો દરમિયાન કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની પણ શક્યતા વ્યકત કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આજે સુરત, ભરૂચ, ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ સામાન્ય વરસાદ રહેશે.

મેઘતાંડવથી તબાહી, જનજીવન અસ્તવ્યસ્તઃ જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી...

જૂનાગઢ.તા.૧૯

જૂનાગઢ જિલ્લામાં મેઘતાંડવ થતા પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. શહેર તેમજ તાલુકાઓમાં સવારથી જ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. માંગરોળમાં સવારના ૬ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં ૧૨ ઈંચ વરસાદ ખાબકતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. નદી નાળાઓમાં પૂર આવ્યું છે. તો કેશોદમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. કેટલાક ગામમાં રહેણાંક મકાનોમાં પાણી ઘૂસી ગયું હતું. ઘરોમાં પાણી ઘૂસતાં અનાજ, ઘરવખરી, માલઢોર, વાહનો પાણીમાં ગરકાવ થઇ ગયા છે. જિલ્લાના કેટલાક હાઈવે બંધ થયા છે. તેમજ અનેક લોકો ફસાયા છે. એમ્બ્યુલન્સ-રેસ્કયૂ ટીમને પણ પહોચ્યું મુશ્કેલ બન્યું છે. જૂનાગઢ શહેરના મધુરમ, ટીંબાવાડી ,કાળવા ચોક, સહિત વિસ્તારોના રસ્તાઓમાં નદીઓની જેમ પાણી વહી રહ્યું છે. ગિરનારમાં સવારથી જ ભારે વરસાદ પડવાના કારણે વિલીંગ્ડન ડેમ, નદી, નાળા ઝરણાઓ છલકાયા છે. ગિરનાર અને દાતાર પર ધોધમાર વરસાદના કારણે ગિરનાર પર્વત પરથી ઝરણા વહેતા થયા છે. સોનરખ નદી પણ વહેતી થઈ છે. તેમજ દામોદર કુંડમાં નવા નીર આવ્યા છે. ગિરનારની પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી છે.

તાલુકાઓની જો વાત કરવામાં આવે તો માંગરોળ, કેશોદ અને માળિયા હાટીનામાં જળબંબાકારની સ્થિતિનું નિર્માણ થયું છે. માંગરોળમાં ચાર કલાકમાં ૯ ઈંચ જેટલો વરસાદ ખાબકતા વિકટ પરિસ્થિતિ ઉદ્ભવી છે. માંગરોળ, કેશોદ વેરાવળ રોડ પર પાણી ફરી વળ્યા છે. વરસાદના લીધે ખેતરો બેટમાં ફેરવાયા હોય તેવું જોવા મળી રહ્યું છે. નદી નાળાઓ છલકાયા છે. વરસાદને કારણે માંગરોળ રોડ બંધ થયો હતો. ત્યારે પ્રસુતિ માટે એક મહિલાને વેરાવળ-ગડું રોડ ઉપર એમ્બ્યુલન્સ મારફતે લઈ જવાની ફરજ પડી હતી. આ મહિલાને વધુ સારવાર માટે કેશોદ ખસેડવામાં આવી હતી.

માંગરોળથી કેશોદ અને માંગરોળથી સોમનાથ જવાનો રસ્તો પણ બંધ થયો છે. રોડ ઉપર પાણી ફરી વળ્યા છે. માંગરોળ તાલુકાના સ્દલપુર ગામમાં લોકોના ઘરોમાં પાણી ઘૂસ્યા છે.

કેશોદ શહેરમાં સવારથી મેઘમહેર યથાવત છે. કેશોદ શહેર અને ગ્રામ્ય પંથકમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. ઉતાવળિયા વોકળામાં ઘોડાપૂર આવતા જીવના જોખમે રાહદારીઓ પસાર થતાં જોવા મળ્યા હતા. આ વોકળાંમાં અચાનક પૂર આવતાં બે બાઈક સાથે યુવાનો ફસાયા હતા, જોકે, બંને બાઈક ચાલકોને મહામહેનતે બહાર કાઢવામાં આવ્યા હતા. કેશોદના સિલોદર ગામના પુલ પર વિદ્યાર્થીઓ ફસાયા હતા. જેઓને ગામ લોકોએ રસી વડે જીવના જોખમે બહાર કાઢ્યા હતા. કેશોદના સિલોદર ગામનો (ખારા) પૂલનો એક બાજુનો ભાગ તૂટ્યો હતો. જેથી સિલોદરથી કેશોદ તરફનો રસ્તો પણ બંધ થયો છે. તંત્રને પુલને લઈ આઠ દિવસ પહેલા ગામ લોકોએ રજૂઆત પણ કરી હતી. કેશોદના પાણાખાણ, રેવદ્રા ગામમાં અનરાધાર વરસાદ પડ્યો છે અને અહીં રેવદ્રા ગામમાં રહેણાંક મકાનોમાં પાણી ઘૂસી જતાં સ્થાનિક લોકોની મદદથી લોકોનું રેસ્કયૂ કરવામાં આવ્યું છે. રેવદ્રા ગામમાં ઘરોમાં પાણી ઘૂસતાં અનાજ, ઘરવખરી, માલઢોર અને વાહનો પાણીમાં ગરકાવ થયા છે.

કાચામાલની અછતના કારણે ભાવવધારો..?

સિંગતેલમાં એક જ દિવસમાં રૂ.૩૦નો વધારોઃ એક સપ્તાહમાં રૂ.૧૦૦ વધ્યા

કપાસિયા તેલના ભાવ સ્થિરઃ સિંગતેલના ડબ્બાના ૩૦૪૦

(એજન્સી સમાચાર)
રાજકોટ.તા.૧૯

હાલમાં ચાલી રહેલી વરસાદી સિઝનના કારણે કાચામાલની અછતની અછતનું બહાનું આગળ ધરી સટોડિયાઓ દ્વારા સીંગતેલના ભાવમાં દરરોજ વધારવામા આવી રહ્યો છે અને આજે એક દિવસમાં ૧૫ કિલોના ડબ્બાના ભાવમાં રૂ.૩૦નો વધારો થયો છે અને ભાવ રૂ.૩૦૪૦એ પહોચ્યો છે.સામે કપાસિયા તેલના ભાવ સ્થિર જોવા મળી રહ્યા છે.ગતવર્ષે ચોમાસા દરમિયાન સાનુકુળ વરસાદ થવાને કારણે મગફળીનું સારૂ ઉત્પાદન થવા છતાં સંગ્રહાખોરી અને સટ્ટાખોરીના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે સીંગતેલ અદ્રશ્ય થઈ ગયું છે.સોમવારે બંધ બજારે સીંગતેલ ડબ્બાનો ભાવ રૂ.૩૦૧૦ હતો જે આજે ઉઘડતી બજારે રૂ.૩૦૪૦નો ભાવ બોલાયો હતો અને એક સપ્તાહમાં સિંગતેલના ભાવમાં રૂ.૧૦૦નો વધારો થઈ ગયો છે.આ ભાવમાં ખરીદીનો અભાવ જોવા મળી રહ્યો છે અને બજારમાં સિંગતેલની કોઈ ખરીદી જોવા મળી રહી નથી.સિંગતેલની સાથે લસણના ભાવ પણ ઊંચકાયાકઠાળ,દાળ, સીંગતેલના ભાવમાં જે રીતે ભાવવધારો થઈ રહ્યો છે તેવી રીતે લસણના ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે અને એક માસ પહેલા મણના રૂ.૬૦૦ થી ૬૫૦ હતા તે વધીને રૂ.૧૮૦૦ થઈ ગયા છે.

ઓઈલમિલરો ભાવવધારા માટે મગફળીની ઓછી આવકને જવાબદાર ઠેરવે છે. તેમના જણાવ્યાનુસાર હાલમાં મગફળીની આવક જ ઓછી છે. અને નાફેડ મગફળી રિલીઝ નથી કરતી. તેમજ તેના માટેના જે નિયમો છે તેની સામે પણ કચવાટ જોવા મળે છે. જ્યારે નાફેડના અધિકારીઓએ પોતાનો બચાવ કરતા કહ્યું કે, નિયમ મુજબ નાફેડ મગફળી રિલીઝ કરે છે. આમ, સૌરાષ્ટ્રમાં ઘરઆંગણે મગફળીનું વાવેતર વધારે હોવા છતાં લોકોને મોંઘા ભાવનું સિંગતેલ ખાવું પડે છે. વેપારીઓના જણાવ્યાનુસાર અત્યાર સુધીનો આ રેકોર્ડબ્રેક ભાવ છે.મગફળીની ઓછી આવક અને સિંગતેલ સહિતના તેલોને માંગમાં વધારાને લઈને ભાવ વધ્યા છે. નાફેડ દ્વારા પણ મગફળી વેચાણ માટે હજી સુધી ન મુકવામાં આવતા ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. સાતમ આઠમના તહેવારો ટાણે જ સીંગતેલ સહિતના તેઓમાં ભાવમાં વધારાને લઈને મધ્યમ વર્ગીય પરિવારો પરેશાન છે.

થેલેસેમીયા પીડીત બાળકો તથા તેમના પરિવારજનો માટે રવિવારે આનંદોત્સવ અને ભોજન સમારોહનું આયોજન

વિવેકાનંદ યુથ કલબ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૯

લોહીની વારસાગત, જીવલેણ બિમારી થેલેસેમીયાનો ભોગ બનેલા કુમળા ફુલ જેવા થેલેસેમીયા પીડીત બાળકો તેમજ તેમના સમગ્ર પરિવાર માટે હિરાભાઈ સાકરીયા, જયેશભાઈ સાકરીયા, ધર્મેશભાઈ સાકરીયા, માતુશ્રી રંજનબેન મનસુખભાઈ લાલ, લતાબેન મધુભાઈ પોપટ, બાપા સીતારામ દ્વારા રવીવાર, તા. ૨૩, જુલાઈ , સાંજે ૪ કલાકેથી મોઢવણિક બોર્ડિંગ, ૫-રજપુતપરા, રાજકોટ ખાતે આનંદોત્સવ તથા તમામ થેલેસેમીયા પીડીત બાળકો તથા તેમના પરીવારજનો માટે ભોજન સમારોહનું પણ આયોજન કરાયું છે. તમામ બાળકોને સંગીતમય શૈલીમાં વિવિધ ગેમ્સ રમાડવામાં આવશે અને વિવિધ આકર્ષક ગીફટો પણ આપવામાં આવશે.

પ્રવર્તમાન સિઝનમાં રકતની જરૂરીયાત ઉભી થઇ છે. સીવીલ હોસ્પિટલનાં જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશુલ્ક લોહી મળી રહે અને રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત બની શકાય તેવા શુભઆશ્રયથી રકતદાન કેમ્પનું આયોજન રાજકોટની સિવિલ હોસ્પિટલ, બાળકોની હોસ્પિટલ તેમજ સમગ્ર સૌરાષ્ટ્રનાં દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો લાભાર્થે રવીવાર, તા. ૨૩, જુલાઈ, સાંજે ૫ થી ૧૦ કલાક, મોઢવણિક બોર્ડિંગ, ૫-રજપુતપરા, રાજકોટ ખાતે વાગ્યા સુધી રકતદાન કરી માનવ જીંદગીઓ બચાવવા વિનંતી કરવામાં આવી છે.

થેલેસેમીયા ગ્રસ્ત બાળકોના કાર્યક્રમમાં ગુજરાત રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, રાજકોટના મેયર ડો. પ્રદિપભાઈ ડવ ખાસ ઉપસ્થિત રહી બાળકોને આશીર્વાદ આપશે.

આ કાર્યક્રમમાં સૌ થેલેસેમીક બાળકોને પરીવાર સહ સમયસર ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ અપાયું છે. સમગ્ર આયોજન અંગે અનુપમ દોશી, મિતલ ખેતાણી, સુરેશભાઈ બાટવીયા, હિતેષભાઈ બાલાજી,ડો. રવિ ધાનાણી, લતાબેન પોપટ, ઉપેનભાઈ મોદી, હસુભાઈ રાચ્છ, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલીયા, પરસોતમભાઈ વેકરીયા, મનોજભાઈ ચૌહાણ, મિતુલભાઈ લાલ, હિરેનભાઈ લાલ, હિતેષભાઈ ગણાત્રા, લલીતભાઈ પુજારા, પ્રાગજીભાઈ કાકડીયા, શૈલેષભાઈ ચૌહાણ, જયરામભાઈ પટેલ, જીતુલભાઈ કોટેચા, ફાલ્ગુનીબેન હિંડોચા, મિત ખખ્ખર,વિનેશભાઈ હિંડોચા, રસીલાબેન ધીયા, જયોતીબેન બાટવીયા, અનીલભાઈ કવા, પરીમલભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, નૈષધભાઈ વોરા, ભાસ્કરભાઈ પારેખ, મહેશભાઈ જીવરાજાની, કિશોરસિંહ બારડ, દિગુભા બારડ, અરવિંદભાઈ પારેખ, દશરથભાઈ પારેખ, સંદીપભાઈ પાલા, ધર્મેશભાઈ સોની, કેતનભાઈ બોરીયા, જીતુભાઈ ગાંધી, જનાર્દન આચાર્ય, દિનેશભાઈ ગોવાણી, દિનેશભાઈ ધામેચા, જે.જે. પોપટ, મયુરભાઈ મહેતા, ધર્મેશભાઈ સાકરીયા, પંકજભાઈ ગોહેલ, રાહુલભાઈ ગોહેલ, ધૈર્ય રાજદેવ, હંસાબેન રાજદેવ, હિતેષ સવાણી, મીતેષભાઈ ઓંધીયા, વિપુલભાઈ ભટ્ટ, કૃપાલીબેન ખખ્ખર, મહેશભાઈ વ્યાસ વિગેરેની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

વિશેષ માહિતી માટે વિવેકાનંદ યુથ કલબનાં અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬, મિતલ ખેતાણી ૯૮૨૪૨ ૨૧૯૯૯, સુરેશભાઈ બાટવીયા (૯૪૨૮૨ ૫૬૨૬૨) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

રાજ્યમાં અતિભારે વરસાદીને પગલે તંત્ર એલર્ટઃ એનડીઆરએફ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં તમામ સાધનોની સજ્જ સાથે તહેનાત

વડોદરા.તા.૧૯

રાજ્યભરમાં ભારેથી અતિભારે વરસાદીની આગાહીને પગલે સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. જેને પગલે વડોદરા NDRF બટાલિયન ૦૬ની ૬ ટીમને સમગ્ર રાજ્યમાં તહેનાત કરી દેવામાં આવી છે. રાજ્યમાં રાજકોટ, ભાવનગર, અમરેલી, ગીરસોમનાથ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી, દાહોદ, મહીસાગર, પંચમહાલ, છોટાઉદેપુર, નવસારી, વલસાડમાં ભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંત દીવ અને દાદરાનગર હવેલીમાં પણ ભારે વરસાદની આગાહી છે. જેને પગલે તંત્ર એલર્ટ થઈ ગયું છે અને વડોદરાના જરોદ NDRF બટાલિયન ૦૬ની ૬ ટીમને ૬ જિલ્લાઓમાં તહેનાત કરવામાં આવી છે અને જરૂર પડશે તો વધુ

ટીમોને પણ મોકલવામાં આવશે. એનડીઆરએફ દ્વારા ચક્રવાત હોય, ભારે વરસાદ હોય કે પછી ભૂકંપ જેવી કોઈ પણ કુદરતી આપત્તિ સમયે કામ કરવા માટે તત્પર હોય છે. હાલ ગુજરાત ઉપર અતિભારે વરસાદને પગલે એનડીઆરએફની ટીમને એલર્ટ રહેવાની સૂચના મળતાની સાથે જ ટીમો એલર્ટ થઈ ગઈ છે.અંધારામાં કામ કરવા માટે બેબી જનરેટરો, રસ્તા ઉપર પડેલા વૃક્ષોને કાપવા માટેના કટરો, રબર બોટ, ટોર્ચ, દોરડું જેવા સાધનો સાથે એનડીઆરએફની ટીમો સજ્જ છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી પાંચ દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દિવસો દરમિયાન કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આજે સુરત, ભરૂચ, ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ સામાન્ય વરસાદ રહેશે. ૧૯ જુલાઈથી ૨૧ જુલાઈ દરમિયાન સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર તથા દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

કયા કયા કેટલી ટીમો તૈનાત

- ગીર સોમનાથ- ૧ ટીમ
- કચ્છ- ૧ ટીમ
- નવસારી- ૧ ટીમ
- વલસાડ- ૧ ટીમ
- અમરેલી- ૧ ટીમ
- રાજકોટ- ૧ ટીમ

તંત્રી લેખ

ટેકનોલોજી....

ભારતીય ખગોળ વિજ્ઞાનીઓએ અત્યાર સુધીમાં અવકાશ સંશોધન બાબતમાં દેશના સંદેશ વ્યવહાર તંત્રને શક્તિશાળી બનાવતા અનેક પડકારો સફળતાપૂર્વક ઝીલ્યા છે. ઈસરોએ ઓછામાં ઓછા ખર્ચમાં અવકાશમાં ઉપગ્રહ મોકલવાની ટેક્નોલોજી વિકસિત કરી છે અને તેનો ઉપયોગ વ્યવસાયિક સ્તર પર કરવાની શરૂઆત કરી છે. અગાઉ જાન્યુઆરી ૨૦૧૮માં ઈસરોએ ઉતરાયણ પહેલા લોન્ચ કરેલા ૩૧ ઉપગ્રહોમાંથી ૨૮ ઉપગ્રહ પરદેશી હતા. સામાન્ય રીતે અવકાશી પ્રોજેક્ટ અત્યંત મોંઘા અને લાંબાગાળાના હોય છે. ભારતના અવકાશી પ્રોજેક્ટ લાંબા ગાળાના હોય, પરંતુ મોંઘા નથી હોતા. ઉપગ્રહ બનાવવા એ મોટો પડકાર છે, એ રીતે બનાવ્યા પછી તેને લોન્ચ કરવો એ પણ મોટો પડકાર છે. ભારત અત્યારેએ બન્ને પડકાર સફળતાપૂર્વક પાર કરી ચૂક્યું છે. કુલ ૯ દેશો પાસે જ લોન્ચિંગની સુવિધા છે. પરિણામે એ સિવાયના દેશોએ લોન્ચિંગ માટે ભારત પાસે આવવુ પડે છે. અમેરિકા-ફ્રાન્સ પાસે પોતાની લોન્ચિંગ ફેસિલિટી હોવા છતાં એ ભારતની જ સસ્તી અને વધુ સલામત સેવાનો લાભ લેવાનું પસંદ કરે છે.એક વાતની નોંધ લેવી જોઈએ કે ભારતનો ઉપગ્રહ કાર્યક્રમ સંપૂર્ણપણે બિનલશ્કરી અને ઘર આંગણે વિકસાયેલો છે. રશિયા અને અમેરિકા જેવા દેશોએ પહેલાં લશ્કરી ઉપયોગ માટેનાં મિસાઈલો અને રોકેટો બનાવ્યા પછી તેનો બિનલશ્કરી ઉપયોગ કર્યો હતો. એનો અર્થ એ થયો કે ઉપગ્રહની ટેક્નોલોજી વિકસાવ્યાના દાયકાઓ પહેલાં જ તેમણે સંપૂર્ણ રોકેટ ટેક્નોલોજી વિકસાવી લીધી હતી. બીજા વિશ્વયુદ્ધ વખતે જર્મનોએ રોકેટ ક્ષેત્રે જે પ્રગતિ કરી હતી તે અમેરિકા અને અન્ય દેશોને બહુ લાભકારક સાબિત થઈ હતી. જાપાન અને ઈઝરાયેલ જેવા અન્ય દેશો અમેરિકાની ડિઝાઈન પ્રમાણે રોકેટ બનાવે છે. આ રીતે જોઈએ તો આપણા વૈજ્ઞાનિકોનો માર્ગ વધુ મુશ્કેલ હતો. તેમણે તો એકડે એકથી બધું જ ઘરઆંગણે વિકસાવવાનું હતું તેથી આપણી સિદ્ધિ વધુ વખાણવાલાયક છે. આગામી દાયકાઓમાં પૃથ્વીની નજીકની ભ્રમણકક્ષામાં સંખ્યાબંધ સંદેશવ્યવહાર માટેના ઉપગ્રહો ગોઠવવાની મહત્ત્વાકાંક્ષી આંતરરાષ્ટ્રીય યોજનાના સંદર્ભમાં સસ્તા અને વિશ્વાસપાત્ર રોકેટની જરૂરિયાત રહેશે. ભારત ઓછા ખર્ચે ઉપગ્રહો છોડી આપી શકે છે. એટલે આ આંતરરાષ્ટ્રીય બજારમાં તે નિશ્ચિતપણે સ્થાન જમાવી શકશે. બનાવેલાં રોકેટો ખૂબ જ સસ્તાં છે. સરળ શબ્દોમાં કહેવું હોય તો ભારતીય રોકેટ જે કામ ૧૦૦૦ રૂપિયામાં કરી આપે તે કામ માટે ચીન અમેરિકા કે રશિયા ૫૦૦૦થી ૬૫૦૦ રૂપિયા ખર્ચે છે. ભારત વિશ્વમાં સૌથી ઓછી કિંમતે ઉપગ્રહ અવકાશમાં મોકલી આપી શકે તેમ છે

પવિત્ર પુરૂષોતમ માસ નિમિતે એનીમલ હેલ્પલાઈનને અનુદાન આપવા અપીલ

સમગ્ર ભારતની નિઃશુલ્ક પશુ-પક્ષી સારવાર ક્ષેત્રની નંબર વન સંસ્થા. જીવદયા ક્ષેત્રે ભારત સંસ્થાનો એવોર્ડ મેળવનાર સંસ્થા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન ની ૧૯ વર્ષની જીવદયા યાત્રા

(સૌરાષ્ટ્ર કાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ, તા. ૧૯

રાજકોટમાં છેલ્લા ૧૯ વર્ષથી એનીમલ હેલ્પલાઇન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. કરૂણા ફાઉન્ડેશનની એનીમલ હેલ્પલાઇનની સેવા કરતા સ્ટાફને જાણવા મળ્યું કે, આ નિરાધાર અને રસ્તે રઝળતા પશુઓને ખાવા-પીવાનો પણ અભાવ છે, આ જાણી સંસ્થા દ્વારા સૌરાષ્ટ્રનું પશુ-પક્ષીઓનું હરતુ-ફરતુ અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું.

આ અન્નક્ષેત્ર શરૂ કર્યા બાદ સંસ્થાએ આ પ્રકારના બીજા અનેકો અન્નક્ષેત્રો ચાલું કરવાની અન્ય સંસ્થાઓને પ્રેરણા આપવામાં સફળ બન્યા. સંસ્થાની ૧૯ વર્ષની સેવા યાત્રાની સફળતામાં સંસ્થાના કર્મયોગી ડોકટર્સ તેમજ અન્ય ૪૦ જેટલા કર્મયોગી કર્મચારીઓની રાત-દિનની જહેમત પણ રંગ લાવી છે. છેલ્લા ૧૯ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઇલ પશુ ચિકિત્સાલય', 'એનિમલ હેલ્પલાઇન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે.

રસ્તે રઝળતાં નિરાધાર બીનવારસી પશુ પક્ષીઓની તેમજ રેલ્વે ટ્રેક પર અકસ્માતે ઘવાયેલી ગૌમાતાઓને અને રોડ અકસ્માતનો ભોગ બનેલ નાના-મોટા પશુઓને પણ આ સારવાર લાભ મળે છે. જેને કોઇ પુછનાર નથી એવા અબોલ જીવોની સારવારનું કાર્ય સૌના સાથ-સહકારથી થાય છે. અત્યાર સુધીમાં ૯,૦૦,૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ, વિનામૂલ્યે,નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા, દસ એમ્બ્યુલન્સ તેમજ બે બાઇક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે. દર માસે લગભગ ૧૦,૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની નિષ્ણાંત પશુચિકીત્સકોની ટીમ દ્વારા, સ્થળ પર જ, વિના મૂલ્યે તેઓ સાજા થાય ત્યાં સુધીની સઘન-સારવાર કરવામાં આવે છે. બીમાર અને અશકત, અકસ્માતથી ઘવાયેલ પશુ-પક્ષીઓને ગૌશાળા/પાંજરાપોળ સંસ્થાની જ નિઃશૂલ્ક વેટરનરી હોસ્પિટલ માં દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. કુતરીઓના ૬૫૦ જેટલા સીઝરીયન ઓપરેશન, ૬૭૩ થી વધારે ગૌ માતાના હોર્ન કેન્સરના (શીંગડાનું કેન્સર) ઓપરેશન કરવામાં આવ્યા છે. આસપાસના ગ્રામ્ય વિસ્તારો તેમજ ગૌશાળામા ૨૬૦ જેટલા પશુ રોગ નિદાન-સારવાર કેમ્પ કરવામાં આવ્યા છે. ઉપરાંત, ભારતનો સર્વ પ્રથમ એવો પશુ-પક્ષીઓના અંધત્વ નિવારણ માટેનો કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, સતત કરવામાં આવે છે. ગૌમાતામાં વ્યાપ્ત લમ્પી રોગની ૨૦,૦૦૦ જેટલી ગૌમાતાઓને સમગ્ર ગુજરાત તથા રાજસ્થાનમાં લમ્પી રોગથી બચાવવા રસીકરણ કરાયું, સારવાર અપાઈ. ગૌશાળાઓમાં વૃક્ષારોપણ અભિયાન, અવેડા તેમજ ચબુતરા બનાવવા - ટ્રેવીસ તેમજ અન્ય સાધન સામગ્રી ફીટ કરાવવી સહીતની પ્રવૃત્તિઓ સતત થતી રહે છે. સૌરાષ્ટ્રના સૌપ્રથમ એવા શ્વાન તથા બિલાડીઓના માટેના દંત ચિકિત્સા કેમ્પ,ચર્મ ચિકિત્સા કેમ્પ, નેત્ર ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ.૧૯ વર્ષમા ૨૦,૦૦,૦૦૦ ચકલીના માળા, પક્ષીના પાણી પીવાના કુંડાનુ નિઃશુલ્ક વિતરણ કરાયુ છે. ગૌમાતાની પાણી પીવાની કુંડી સંસ્થા દ્વારા નિઃશુલ્ક આપવામાં છે. સંસ્થા દ્વારા નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલ અને પાંજરાપોળ પણ ચલાવવામાં આવે છે. કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈનના મિતલ ખેતાણી (૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘણી (૯૯૯૮૦ ૩૦૩૯૩) પર ફોન કરવાથી આપને ત્યાંથી અનુદાન સ્વીકારવાની વ્યવસ્થા કરાશે. વાર્ષીક ચાર કરોડના માતબર ખર્ચે સેવારત આ સંસ્થાને સહકાર આપવા અપીલ કરાઇ છે. સંસ્થાની વેબસાઇટ (www.animalhelpline.in) ની મુલાકાત લેવા વિનંતી કરાઇ છે. વેબસાઈટ પર ઓનલાઈન ડોનેશન સ્વીકારવાની પણ વ્યવસ્થા કરાઈ છે. સંસ્થા વિદેશથી મળતું દાન સ્વીકારવાનું લાયસન્સ FCRA હેઠળ ધરાવે છે. સંસ્થાની બેંક ડીટેઈલ્સ બેંક ઓફ બરોડા (રાજકોટ મેઈન, રાજકોટ) A/c No.03600100026705 s'p RTGS/NEFT IFSC CODE BARB0RAJKOT.ચેક/ડ્રાફટ 'શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ' ના નામનો બનાવવો. પવિત્ર પુરૂષોતમ માસનાં દિવસોમાં દાનનું અનેરૂ મહત્વ હોય છે, અનુદાન આપી અબોલ જીવોના પ્રાણદાનમાં ઉપયોગી થવા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઇનના મિતલ ખેતાણી, પ્રતિકભાઇ સંઘાણી, ઘનશ્યામભાઇ ઠકકર, ધિરેન્દ્રભાઇ કાનાબાર, રમેશભાઇ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતા સહિતનાઓએ અપીલ કરી છે.

સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઇ

(સૌરાષ્ટ્ર કાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ,તા.૧૯

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઇરાઇઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૧૮/૦૭નાં રોજ સિલ્વર સ્પેસ એપાર્ટમેન્ટ, શિવ ભવાની ચોક, કોઠારીયા રોડ, રાજકોટ ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, આ મોકડ્રીલમાં અંદાજે ૧૦ થી ૧૨ રહેવાસીઓ જોડાયેલ. જે મોકડ્રીલમાં બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે માર્ગદર્શન અને મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું.

રાજકોટની સિવિલ હોસ્પીટલના દર્દીઓના લાભાર્થ કાલે મેટોડામાં રક્તદાન કેમ્પ યોજાશે

ઓમનીટેક એન્જીનીયરીંગ દ્વારા શ્રીમદ્ર રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગ વચ્ચે યોજાશે કેમ્પ

(સૌરાષ્ટ્ર કાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ, તા. ૧૯

ઓમનીટેક એન્જીનીયરીંગ મેટોડા દ્વારા શ્રીમદ્ર રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગ વચ્ચે આવતીકાલે તા. ૨૦ ના રોજ સવારે ૧૦થી રાત્રીના ૮-૩૦ વાગ્યા સુધી એક મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. મેટોડામાં પ્લોટ ૨૫૦૦, કાંતિ ગેઇટ મેઈન રોડ જીઆઈડીસી, લોધિકા ઈન્ડ. એસ્ટેટ, કાલાવડ રોડ, મેટોડા ખાતે યોજાનાર આ રક્તદાન કેમ્પમાં ઓમનીટેક એન્જીનીયરિંગ પરિવાર તેમજ શ્રીમદ્ર રાજચંદ્ર ફા.નાં વિનય જસાણી, ડો.પ્રતિક અમલાણી, સિવિલ હોસ્પિટલ બ્લડ બેન્કના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનદ સેવા આપશે. આ રક્તદાન કેમ્પનો બહોળી સંખ્યામાં લાભ લઈને રક્તદાન કરવા આયોજકોએ અનુરોધ કર્યો છે.

ચારણ ગઢવી સમાજના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અપાઈ

(સૌરાષ્ટ્ર કાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ,તા.૧૯

શિક્ષણ પ્રત્યે જાગૃત એવા સોનલમાંના જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી કરી રહ્યા છે ત્યારે તા.૨૫/૦૬ ના રોજ રાજકોટ ખાતે ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા ચારણ-ગઢવી સમાજના ધો.૧૦ તથા ધો.૧૨માં ગુજરાત બોર્ડમાં જે વિદ્યાર્થીઓને ૮૦ PR થી માકર્સ મેળવેલ હોય તેમજ હાયર એજયુકેશન (મેડિકલ, સી.એ., એન્જિનીયરીંગ તથા અન્ય અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ જેમના માતા-પિતા અવસાન પામ્યા હોય તેવા દરેકને રૂા.૫૦૦૦ શિષ્યવૃત્તિ પેટેનો ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે હાજર રહેલ એસીપી ટ્રાફીક રાજકોટ શહેરના જે.બી. ગઢવી સાહેબે બહુજ રાજીપો વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમ માટે ટ્રસ્ટના પ્રમુખ શ્રી ચંદુ સાબા, મેનેજીંગ ટ્રસ્ટી રામભાઈ જામંગનું માર્ગદર્શન મળેલ હતું. તેમજ આ કાર્યક્રમનું સુંદર આયોજન મેહુલભાઈ જામંગ તથા હેમુભાઈ બાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ ડો.હરીશ રાબા, પ્રવીણભાઈ સોયા, નરેન્દ્રભાઈ જાળફવા, વિજયભાઈ જામંગ, દિલીપભાઈ કારીયા, આનંદ પાલીયા, રાહુલ લાંબા, વિરલ લાંબાએ વરસતા વરસાદમાં કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ટ્રસ્ટ એકાઉટન્ટ યોગેશભાઈ પારેખ, દિપકભાઈ મહેતા અને ભાર્ગવ રાવલની મહેનત રંગ લાવી અને સોનલમા એજયુકેશન ટ્રસ્ટ રાજકોટનો સહયોગ મળ્યો હતો.

સાંપ્રત સમયમાં સમાજમાં જેની ખુબ જરૂર છે એવા શિક્ષણની જયોત જલાવવા આ ટ્રસ્ટે રાજકોટ, જામનગર, ભાવનગર, જુનાગઢ, દેવભૂમિ દ્વારકા, ખંભાળિયા, અમરેલી, મોરબી સુરેન્દ્રનગરના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ચેક અર્પણ કર્યા હતા. આ વર્ષે રૂા.૭,૧૫,૦૦૦ - અગાઉ રૂા.૧૪ લાખના ચેક અર્પણ કરી આ ટ્રસ્ટે ચારણ સમાજમાં શિક્ષણની જયોત જલાવી હતી તેમજ સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન હેમુભાઈ બાવડાએ કર્યુ હતું.તેમ જણાવ્યું છે.

બેરોજગાર યુવા વર્ગ ચેતી જાય રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સફાઈ કામદારોની ભરતી કરવાની કોઈ જાહેરાત અપાઈ નથી

(સૌરાષ્ટ્ર કાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ,તા.૧૯

સેનિટેશન કમિટીના ચેરમેન અશ્વિનભાઈ પાંભર એક યાદીમાં જણાવે છે કે, રાજકોટ કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડીયા દ્વારા છેલ્લા ઘણા સમયથી વિસ્તારોમાં રાજકોટ મહાનગરપાલિકાએ અગાઉ બહાર પાડેલ ભરતીના ફોર્મનો ઉપયોગ કરી સફાઈ કામદારની ભરતી થવાની છે તે પ્રકારે સમાજને ગેરમાર્ગે દોરે છે અને નોકરીની લાલચો આપી ગેરપ્રવૃત્તિઓ શરૂ કરેલ છે. પરિણામે રાજકોટ મહાનગરપાલિકાના જુના ફોર્મ, ઠરાવો અને નીતિ નિયમો રદ કરવાની જાહેરાત કરવા પદાધિકારીઓ અને અધિકારીઓને રજુઆત કરેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સફાઈ કામદારોની ભરતી માટે કોઈ ફોર્મ બહાર પાડવામાં આવેલ નથી અને અગાઉ કરવામાં આવેલ સફાઈ કામદારોની ભરતી પ્રક્રિયા રદ કરેલ છે જેથી બેરોજગાર યુવાનોએ ગેરમાર્ગે દોરાવુ નહી તેવું સેનિટેશન કમિટીના ચેરમેનએ જણાવ્યું છે.

શ્રી મંગલ પાડેની ૧૯૬મી જન્મ જયંતિ પ્રસંગે તેઓની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરતા મહાનગરપાલિકાના પદાધિકારીઓ

(સૌરાષ્ટ્ર કાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ,તા.૧૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજરોજ શ્રી મંગલ પાડેની ૧૯૬મી જન્મ જયંતિ પ્રસંગે તેઓની પ્રતિમાને પુષ્પાંજલી કરતા મેયર ડો.પ્રદિપ ડવ, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર કંચનબેન સિધ્ધપુરા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શાસકપક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસકપક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, કોર્પોરેટર અશ્વિનભાઈ પાંભર, પરેશભાઈ આર.પીપળીયા, વિનુભાઈ સોરઠીયા, મગનભાઇ સોરઠીયા, રણજીતભાઈ સાગઠિયા, નીતિનભાઈ રામાણી, બિપીનભાઈ બેરા, જીતુભાઈ કાટોળીયા, નરેન્દ્રસિંહ વાઘેલા, જ્યોત્સનાબેન ટીલાળા, લીલુબેન જાદવ, મંજુબેન કુગશીયા, પ્રીતિબેન દોશી, ડો.દર્શનાબેન પંડ્યા, કંકુબેન ઉધરેજા તેમજ અગ્રણી ઘનશ્યામભાઈ કુગશીયા વગેરે ઉપસ્થિત રહેલ. તેમ જણાવ્યું છે.

ગુરુવાર અને શુક્રવાર બંને દિવસે વ્યતિપાત યોગ

અધિક શ્રાવણ શુદ ત્રીજને ગુરૂવાર તા ૨૦.૭.૨૩ ના દિવસે સવારના ૧૧.૧૨ મિનિટ થી વ્યતિપાત યોગ ની શરૂઆત થઈ જશે જે શુક્રવારે તારીખ ૨૧.૭.૨૩ ના બપોરે ૧૨.૨૪ સુધી વ્યતિપાત યોગ ચાલશે આમ બંને દિવસે વ્યતિપાત યોગ છે આથી ભક્તોને બંને દિવસે વ્યતિપાત યોગ રહેવો ફળ દાયક ગણાશે જો કોઈ પણ એક દિવસ જ રહેવું હોય તો ગુરુ અથવા શુક્રવાર બંને માંથી કોઈ પણ એક દિવસ રહેવું પણ શુભ ગણાશે

જ્યારે વ્યતિપાત યોગ ના દાન પુણ્યના મહત્વ વિશે જાણીએ તો ગુરુવારે સવારે ૧૧.૨૨ થી શુક્રવારે બપોર ના ૧૨.૨૪ સુધી દાન પુણ્ય નો સમય ઉત્તમ ગણાસે ખાસ કરીને વ્યતિપાત યોગનું પુરૂષોતમ મહિનામાં મહત્વ વધારે રહેલું છે.

વ્યતિપાત યોગમાં મુહુર્તના કાર્યો થઇ શકતા નથી પરંતુ દાન, પુણ્ય, જપ, તપ, ઉપાસના, મંડળ, સાથીયાનું ફળ અનેક ગણું મળે છે.આ દિવસે સત્યનારાયણની કથા પણ ફળદાઇ છે.વ્યતિપાત યોગના દિવસે ઉપવાસ રહેવો ઉતમ છે.સવારે નિત્ય કર્મ કરી પાણીમાં ગંગાજળ નાખી સ્નાન કરવું ત્યાર-બાદ વિષ્ણુ ભગવાન અથવા કૃષ્ણ ભગવાનનું પુજન કરવું.વિષ્ણુ સહસ્ત્ર નામ બોલવા સોપારી રાખી તેમાં વ્યતિપાતનું પુજન કરવું.આખો દિવસ ઉપવાસ રહેવો.સાંજના સમયે વ્યતિપાતની વાર્તા વાંચવી.આમ આવી રીતે વ્યતિપાત વ્રત રહેવાની ઘરમાં અને જીવનમાં સુખ શાંતિ મળે છે અને અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે.જે લોકોની જન્મકુંડળીમાં વ્યતિપાત યોગ હોય તેઓએ વ્યતિપાત યોગના દિવસે ખાસ ઉપવાસ રહેવો.આ દિવસે ગાયોને ઘાસ નાખવું તથા બ્રાહ્મણોને દાન, દક્ષિણા આપવી તથા સંપુટ દાન, તલનું દાન, વસ્ત્રનું દાન ધન્ય નુ દાન કરવાથી હજારો યજ્ઞ કર્યાનું ફળ મળે છે અને પાપોનો ક્ષય થાય છે. **શાસ્ત્રી રાજદીપ જોશી ...વેદાંત રત્ન**

જેતલસર જંકશનમાં રેલવે તંત્રએ ફૂટ ઓવરબ્રિજ બંધ કરી દેતા લોકો ત્રસ્ત

ધારાસભ્ય જયેશ રાદડિયા દ્વારા ભાવનગરના ડીઆરએમને બ્રિજ ફરી શરૂ કરવા રજૂઆત

(કશ્યપ જોશી દ્વારા)

જેતલસર, તા. ૧૯

મોરબીમાં બ્રિજ તૂટી પડ્યા બાદ સલામતીના ભાગ રૂપે ભાવનગર રેલવે તંત્રએ જેતલસર જંકશનનો ફૂટ ઓવર બ્રિજ બંધ કરી દેતા લોકો પારાવાર હેરાન પરેશાન થઈ રહ્યા છે.

આ અંગે જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયા દ્વારા ભાવનગર સ્થિત રેલવેના ડિવિઝનલ મેનેજરને લેખિત રજૂઆત કરી આ ફૂટ ઓવરબ્રિજ ફરી પૂર્વવત કરવા માંગણી કરી છે.ધારાસભ્યએ રજૂઆતમાં જણાવ્યું છેકે ભાવનગર રેલવે ડિવિઝનનું સૌથી મોટું રેલવે સ્ટેશન જેતલસર જંકશન છે. અહી અનેક મેલ, એક્સપ્રેસ, તથા પેસેન્જર ટ્રેન અને માલગાડીનું સતત સંચાલન થાય છે.

જેતલસર જંકશન અને આજુબાજુના ૧૦-૧૨ ગામના લોકો રેલવેનો નિયમિત ઉપયોગ કરે છે. એ કારણે રેલવે તંત્રએ વર્ષોથી એક ફૂટ ઓવર બ્રિજ બનાવ્યો છે. જેના દ્વારા લોકો વચ્ચે આવતા રેલવે સ્ટેશનને પાર કરીને બીજા ભાગમાં વેચાયેલા જંકશનના શર્મા નગર, વિગેરે વિસ્તારોમાં જઇ શકે છે.

પણ લોકો માટે આ બહુ ઉપયોગી ફૂટબ્રિજ માત્રને માત્ર રિપેરિંગ કરવાના અભાવે તંત્રએ સદંતર બંધ કરી દેતા અત્યારે લોકોને ૧-૨ કિલોમીટર ફરીને આવન જાવન કરવાની મુશ્કેલી વેઠવી પડે છે. રજૂઆતમાં એવું પણ જણાવાયું છે કે, જેતલસર જંકશનથી થોડે જ દૂર આવેલા જેતપુરમાં તમામ સવલતો ઉપલબ્ધ હોય, ઘણી વખત મેડિકલ ઇમરજન્સી માટે રેલવે સ્ટેશનની ઉત્તર તરફ રહેતા સ્થાનિકોને દક્ષિણ જવા માટે આ ફૂટરોડ ખૂબ ઉપયોગી બને છે. એ સિવાય ઉત્તર દિશામાં રહેતા લોકોના બાળકોને પણ રોજ સવારે દક્ષિણ દિશા તરફ આવેલી શાળાઓમાં અભ્યાસ અર્થે જવાનું થતું હોવાથી ફૂટ બ્રિજ ભારે ફાયદાકારક છે. આ તમામ વાતોને ધ્યાને લઈને જો ફૂટ બ્રિજ રીપેર કરાવવાનો હોય તો આગળની કાર્યવાહી કરીને જંકશનવાસીઓની મુશ્કેલી દુર કરવામાં આવે તેવું ધારાસભ્ય જયેશ રાદડિયાએ રેલવેના ડીઆરએમને રજૂઆતમાં જણાવ્યું છે.

કાલાવડમાં પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ સહીત સમાજ શ્રેષ્ઠીઓનું કરાયું સન્માન

કાલાવડ કપુરીયા આર્ટસ કોલેજમાં ત્રિવિધ કાર્યક્રમ સંપન્ન થયો : કૃષિમંત્રી રાઘવજી પટેલે શુભેચ્છા સંદેશ પાઠવ્યો. સીટી, ગ્રામ્ય પોલીસ સ્ટેશનની ઉત્કૃષ્ટ કામગીરીની કદર કરતું વિજ્ઞાન જાથા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૯

કાલાવડની ડી. કે. કપુરીયા આર્ટસ કોલેજ અને એસ. બી. ગાર્ડી કોમર્સ કોલેજના મધ્યસ્થ ખંડમાં ભારત જન વિજ્ઞાન જાથાનો ભવ્યાતિત સન્માન સમારોહ સફળતાથી સંપન્ન થયો હતો. ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ, સમાજના શ્રેષ્ઠીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું દિપ પ્રાગ્ટય રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોક કુમાર યાદવે કર્યું હતું. આ પ્રસંગે કોલેજના મંત્રી પી. સી. મહેતા, ટ્રસ્ટી લાલજીભાઈ કપુરીયા, બટુકભાઈ કપુરીયા, પ્રિન્સિપાલ ડો. એન. કે. ડોબરીયા, પ્રોફે. સુનિલ જાદવ, જાથાના જયંત પંડયા, ગોપાલભાઈ પટેલ, ભોજાભાઈ ટોયટા, પૂર્વ સરપંચ રાજેશભાઈ મારવીયા, પો.ઈન્સ. વાળા, પી.એસ.આઈ. વડાવીયા, એચ.વી. પટેલ , પી.એસ.આઈ. પટેલ હાજરી આપી ત્રિવિધ કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આઈ.જી.પી. અશોક કુમારે ભવ્યાતિત સન્માન કર્યું તેમાં ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એચ. વી. પટેલ, હેડ કોન્સ્ટે, ગિરીરાજસિંહ જેઠવા, પો, કોન્સ્ટેબલોમાં ગોપાલભાઈ ચાવડા, કમલેશભાઈ ટોરીયા, સાગરભાઈ મકવાણા, માલદેવસિંહ ઝાલા, કુલદીપસિંહ જાડેજા, પ્રકાશભાઈ બોરીચા, નિકાવાના પત્રકાર ભોજાભાઈ ટોયટા, પૂર્વ સરપંચ રાજેશભાઈ મારવીયા, પ્રિન્સિપાલ ડો. એન, કે. ડોબરીયાનું પ્રમાણપત્ર, મોમેન્ટો, ગીફ્ટ ઉપરાંત સીટી પી.એસ.આઈ. વડાવીયા, નવા પોલીસ અધિકારી પટેલ, રેન્જના રીડર પો.ઈન્સ. વાળા, મંત્રી પી. સી. મહેતા, પ્રોઢું, સુનિલ જાદવ, જાથાના કાર્યાલય મંત્રી અંકલેશ ગોહિલ, રવિ પરબતાણીનું સર્વોચ્ચ સન્માન કરવામાં આવ્યું હતું. જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ કાર્યક્રમનો પરિચય આપી જણાવ્યું કે નિકાવા પાસે આણંદપર ગામના સ્મશાનમાં પાંચ ભૂવાઓનો લોકિહતમાં પર્દાફાશ કર્યો હતો. ગ્રામ્ય પોલીસ સ્ટેશન આખો દિવસ કામમાં રોકાયું હતું તેની કદર કરવી સમાજની નૈતિક ફરજના ભાગરૂપે સમારોહ યોજવામાં આવ્યો હતો. સાથે નિકાવાના રાજેશભાઈ મારવીયા, ભોજાભાઈ ટોયટાનું સન્માન કર્યું છે. કોલેજના એન.સી.સી., એન.એસ. એસ. કેડેટો અભ્યાસ કરતાં છાત્ર-છાત્રાઓ ગરિમાપૂર્ણ સમારંભના સાક્ષી બન્યા હતા. આભારવિધિ પી.એસ. આઈ. મેડમ એચ. વી. પટેલ, સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોફે.સુનિલ જાદવે કર્યું હતું. કાર્યક્રમની સફળતા આર્ટસ-કોમર્સ કોલેજના અધ્યાપકો, કર્મચારીઓ, ટ્રસ્ટીઓ, સીટી-ગ્રામ્ય પોલીસ કર્મીઓ, જાથાના દિનેશ હુંબલ, નિર્મળ મૈત્રા, વિક્રમ કુંગશીયા, નિર્ભય જોશી, જીજ્ઞેશ અમીપરા, મુકુલભાઈ અકબરી, ગોપાલભાઈ પટેલ, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, ભોજાભાઈ ટોયટા, ભાનુબેન ગોહિલ, શિલ્પાબેન સુરાણી, ભગવાનજીભાઈ પટેલ, અનેક કાર્યકરોએ મદદ કરી હતી. જાથામાં જોડાવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

અર્બન કો. ઓ. બેન્કો દ્વારા નાના ઉદ્યોગોને મળતી

PMEGP યોજના હેઠળ મળતી સબસીડી અંગેની ગ્રેટર ચેમ્બરે કરેલી રજુઆતને મળી સફળતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૯

શહેરી વિસ્તારની નાની પાયાની સહકારી બેન્કો કે જે IFC કોડ ધરાવતા ન હોય, તેવી બેન્કો દ્વારા નાના ઉદ્યોગોને PMEGP યોજના હેઠળ કરવામાં આવતા ધીરાણ પર જુદા જુદા પ્રકારની મળવાપાત્ર અંદાજીત ૩૦ ટકા સુધીની સબસીડી મળતી હતી. પરંતુ છેલ્લા થોડા સમય થયા સ્ટેટ લેવલ બેન્કર્સ કમીટી દ્વારા નોડલ એજન્સી તરીકે કાર્યરત ખાદી વિકાસ બોર્ડ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર વગેરે સંસ્થાઓને જાણ કરી આઇ.એફ.સી. કમીટી કોડ ન ધરાવતી બેન્કોની અરજી અંગે ભલામણ ન કરવા જણાવવામાં આવેલ. પરિણામે આવી નાની બેન્કો દ્વારા નાના ઉદ્યોગકારોને PMEGP યોજના હેઠળ કરવામાં આવેલ ધીરાણ પર સબસીડી પ્રાપ્ત થતી નહોતી. તે અંગે રાજકોટની ધરતી કો.ઓ. બેન્ક તથા અન્ય શહેરી સહકારી બેન્કો દ્વારા જુદી જુદી ચેમ્બર્સ જેવી સંસ્થાઓ અને મહત્વના એસોસિએશનો સમક્ષ રજુઆત કરવામાં આવેલ. પરંતુ પ્રશ્નને યોગ્ય સ્તરે રજુઆત ન થતા નિકાલ થયેલ નહી. જેની ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ સમક્ષ રજુઆત કરવામાં આવેલ.

આ રજુઆતના અનુસંધાને ગ્રેટર રાજકોટ ચેમ્બર દ્વારા સંપૂર્ણ માહિતી અંગે અભ્યાસ કરી પી.એસ. સોલંકી, સેક્રેટરી, સ્ટેટ લેવલ મોનીટરીંગ કમીટી સમક્ષ યોગ્ય સ્તરે રજુઆત કરતા જણાવવામાં આવેલ કે, આ નિર્ણય લેવાતા નાના ઉદ્યોગોને નાની સહકારી બેન્કો દ્વારા મળતી ત્વરીત નાણાકીય સહાય અટકી જતા તેમજ અત્યાર સુધી થયેલ ધીરાણ પર મળવાપાત્ર સબસીડીના રોકાણને કારણે નાણાકીય અગવડતા ઉભી થયેલ. આ રજુઆતમાં ઉપરોકત નિર્ણય ફેરવિચારણા કરવા જણાવવામાં આવેલ. આ અનુસંધાને સ્ટેટ લેવલ મોનીટરીંગ કમીટી દ્વારા ફેરવિચારણા કરી ફરી મુળ સ્થિતિ મુજબ આઇ.એફ.સી. કોડ વગરની બેન્કોને પણ સબસીડીની અરજી કરવા અને તેની ભલામણ કરવા મંજુરી આપવામાં આવેલ છે.

આમ ગ્રેટર રાજકોટ ચેમ્બરની રજુઆતને સફળતા મળી હોવાનું ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ રાજીવભાઇ દોશી તથા માનદમંત્રી ઉપેનભાઇ મોદીએ જણાવ્યું હતું.

રાજકોટ એસ.ટી. બસપોર્ટમાં ફરિયાદ બુક આપવા પર પ્રતિબંધ: દિલીપ આસવાણી

ફરિયાદ બુક ન આપવા અંગે વિભાગીય નિયામક પાસેથી લેખિતમાં સ્પષ્ટતા માંગતું લોક સંસદ વિચાર મંચ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૯

લોક સંસદ વિચાર મંચના મોભી અને વોર્ડ નંબર ૩ ના પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, સ્થાપક ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઇન્દુભા રાઓલ, જિલ્લા નારી સુરક્ષા સમિતિના મહામંત્રી સરલાબેન પાટડીયા, સિનિયર સિટીઝન પ્રવીણભાઈ લાખાણી ની એક સંયુક્ત યાદી જણાવે છે કે, રાજકોટ ઢેબર રોડ પરના એસ.ટી. બસપોર્ટમા નિયમિત અને રોજિંદી ૧૫૦૦થી વધુ બસોની અવર જવર રહે છે. હજારો મુસાફરો જ્યાં આવતા હોય છે તે ઢેબર રોડ પરના એસ.ટી. બસ પોર્ટના એસ. ટી. બસ સ્ટેશનના ટ્રાફિક કંટ્રોલર ની ઓફિસમાંથી મુસાફરોને ફરિયાદ બુક આપવા અંગે પ્રતિબંધ લાદી દીધો છે. એક બાજુ સરકાર માહિતી દરેકને આપવી અને માહિતી અધિકારનો કાયદાનો સવિશેષ અમલવારી થાય અને લોકો પોતાની ફરિયાદો કે સૂચન લેખિતમાં આપી શકે તેવા વખતો વખત આદેશ કરે છે.

પરંતુ રાજકોટ એસ ટી બસપોર્ટના બસ ડેપોમાં અમુક અધિકારીઓ ફરિયાદ બુક આપવાનો ઉલાળીયો કરી ફરિયાદ બુકમાં ફરિયાદ કે સૂચન કરવા દેવામાં આવતું નથી. અને અમુક અધિકારીઓના ગેર વ્યાજબી અને બે જવાબદારી પૂર્વકના વર્તનને પગલે રાજકોટ એસટી બસ ડેપો ની છાપ રાજ્યભરમાં ખરડાઈ રહી છે. તેવો આક્ષેપ કર્યો છે.

રાજ્ય સરકાર દ્વારા કચ્છ–બનાસકાંઠાના ખેડૂતોને

બાગાયતી પાકોમાં થયેલ નુકશાનમાં સહાય માટે ૨૪૦ કરોડનું સહાય પેકેજ જાહેર

ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કરતા ખેડૂતોમાં આનંદ : વિજય કોરાટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૯

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં રાજ્યમાં તાજેતરમાં બિપરજોય વાવાઝોડાને કારણે ખેતી-બાગાયતી પાકોને થયેલા વ્યાપક નુકસાનમાંથી તેમને પૂર્ન:બેઠા કરવાના હેતુથી સર્વગ્રાહી સમીક્ષા કરીને રૂપિયા ૨૪૦ કરોડનું ઉદારતમ રાહત-સહાય પેકેજને પ્રદેશ કિસાન મોરચા મંત્રી વિજય કોરાટએ આવકાર્યું છે.

તેમણે જણાવ્યું હતું કે રાજયમાં ચાલુ વર્ષે જૂન માસમાં ત્રાટકેલા બિપરજોય વાવાઝોડાના કારણે કૃષિ તેમજ બાગાયતી પાકોને વ્યાપક નુકસાન થયેલ છે. જેમાં મુખ્યત્વે કચ્છ અને બનાસકાંઠા જીલ્લામાં અસર થઈ છે. કચ્છ અને બનાસકાંઠા જીલ્લામાં અંદાજીત ૧ લાખ ૩૦ હજાર હેક્ટર વિસ્તારમાં કૃષિ અને બાગાયતી પાકોને અસર થઇ છે તેમજ ખૂબ મોટી સંખ્યામાં ફળઝાડ પડી જવાથી આંશિક કે સંપૂર્ણ નાશ પામ્યા છે. વાવઝોડાથી અસરગ્રસ્ત આ જીલ્લાઓમાં કુલ ૩૧૧ ટીમો દ્વારા સત્વરે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રાજ્ય સરકારે આ વાવાઝોડાથી મહત્તમ અસરગ્રસ્ત કચ્છ અને બનાસકાંઠા જિલ્લાઓનાં ખેડુતોને મદદરૂપ થવા અંદાજિત રૂ. ૨૪૦ કરોડની માતબર રકમનું વાવાઝોડુ કૃષિ રાહત પેકેજ જાહેર કર્યુ છે. આ પેકેજમાં સૌપ્રથમ વખત સહાયના ધોરણોમાં ધરખમ વધારો કરવાનો ખેડૂતહિતલક્ષી નિર્ણય કર્યો છે.

વધુમાં કોરાટએ જણાવ્યું હતું કે, જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કરવામાં આવેલ પાક નુકસાની સર્વેમાં ૩૩% કે તેથી વધુ નુકસાન માલુમ પડેલ હોય તેમજ બાગાયતી ફળઝાડ ઉખડી જવાના કિસ્સામાં ૧૦% કે તેથી વધુ નુકસાન માલુમ તેવા સર્વે નંબરવાળા ખેડૂત ખાતેદાર કે જેમનો ગ્રામ્ય કક્ષાએ સર્વે યાદીમાં સમાવેશ થયેલ હોય તેવા ખેડૂત ખાતેદારોને જ આ સહાય પેકેજનો લાભ મળશે. ગ્રામ્ય કક્ષાની સર્વે યાદીમાં સમાવેશ થયેલ ખેડૂત ખાતેદારોને આ પેકેજનો લાભ લેવા માટે નિયત નમુનાની અરજી તાલુકા વિકાસ અધિકારીને કરવાની રહેશે.

બાગાયતી પાકો-ફળઝાડ પડી જવાથી નુકશાનીમાં સહાયરૂપ થવા માટે સૌપ્રથમ વખત રાજય સરકારે ઉદાર નીતિ દાખવી બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૧૦% કે તેથી વધુ અને ૩૩ ટકા સુધીના ઝાડ ઉખડી જવા, પડી જવા, ભાંગી જઇ નાશ પામેલ હોય તે અન્વયે ખાસ કિસ્સામાં પણ રાજય ભંડોળમાંથી રૂ.૨૫,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય જાહેર કરવામાં આવી છે.

બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩% કે તેથી વધુ ઝાડ ઉખડી જવા, પડી જઇ, ભાંગી જઇ નાશ પામેલ હોય તે કીસ્સામાં નોર્મ્સ મુજબ પ્રતિ હેક્ટર મળવા પાત્ર રૂ.૨૨,૫૦૦ની સહાય ઉપરાંત ખાસ કિસ્સામાં રાજય ભંડોળમાંથી વધારાની સહાય પ્રતિ હેક્ટર રૂ.૧,૦૨,૫૦૦ ગણતરીમાં લઈ રૂ.૧,૨૫,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે નોર્મ્સ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય જાહેર કરેલ છે. આ સહાય ખાતાદીઠ (ગામ નમૂના નં-૮-અ મુજબ) મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં મળવાપાત્ર થશે.તાલુકા કક્ષાએ ગામ વાઈઝ સર્વેની યાદી વિસ્તરણ અધિકારી(ખેતી) દ્વારા નિભાવવાની રહેશે. અરજી બાબતે કોઈ પ્રશ્ન હોય તો વિસ્તરણ અધિકારી (ખેતી) જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ બાગાયત નિયામકનો સંપર્ક કરવાનો રહેશે તેમ તેમણે ઉમેર્યું હતું.

હસુભાઈ દવેનો આજે જન્મદિવસ

રાજકોટ: ભારતીય મઝદુર સંઘના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ હસુભાઈ દવેનો આજે જન્મદિવસ છે. તેઓએ ૮૪ વર્ષ પૂર્ણ કરી ૮૫ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. સૌરાષ્ટ્ર-કચ્છની સુપ્રસિધ્ધ સંસ્થા કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડકટીવીટી કાઉન્સીલના પ્રમુખ તરીકે છેલ્લા ૩૩ વર્ષથી સેવા આપી રહેલ. હાલમાં તેઓ ભારતીય વરિષ્ઠ નાગરીક પરિસંઘ (ભારતીય મઝદુર સંઘ) ના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ભારતીય મઝદુર સંઘમાં માર્ગદર્શક તરીકેની જવાબદારી સંભાળી રહેલ છે. હસુભાઈ દવે મઝદુર પ્રવૃતિ ક્ષેત્રે છેલ્લા ૫૬ વર્ષથી સંકળાયેલા છે. તેમજ તેઓ રાજકોટ ખાતે લેબર કોર્ટ તથા ઔધોગિક અદાલતના લેબર લોઝ પ્રેકટીશ્નર્સ એસોસીએશન ના પ્રમુખ તરીકે દશ વર્ષ કરતા વધારે સમય માટે કાર્યરત રહેલ હતા. હસુભાઈ દવેએ વર્ષ ૧૯૮૩ થી ૧૯૮૯ સુધી રાજકોટ નાગરીક સહકારી બેંક લી.ના ડીરેકટર તરીકે સેવા આપેલ છે. હસુભાઈ દવેને તેમના જન્મદિવસ પ્રસંગે તમામ પરિવારજનો તેમજ કે.એસ.પી.સી.ના ઉપપ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, હિરાભાઈ માણેક ભારતીય મઝદુર સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ હિરન્મયભાઈ પંડયા, વાલજીભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સહદેવસિંહ જાડેજા સહિતના તમામ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ તેમજ અનેક શુભેચ્છકોએ હસુભાઈ દવેને જન્મદિનની શુભેચ્છા પાઠવેલ છે. (મોબાઈલ નંબર: ૯૪૨૬૨ ૫૪૦૫૩, ૯૯૭૮૪ ૪૫૭૨૦)

અવસાન નોંધ

રાજકોટ: સ્વ.શાંતિલાલ ભગવાનજી મેહતાના જ્યેષ્ઠ પુત્ર પ્રવિણભાઈ શાંતિલાલ મેહતા (એ જી ઓફિસ), તે સ્વ પદ્માબેન પ્રવિણભાઈ મેહતાના પતિ, મમતાબેન, દિવ્યેશભાઇ (એબોટ ઈન્ડિયા), જીજ્ઞેષભાઇ (લંડન) ના પિતા મેઘલબેન, ડિમ્પલબેનના સસરા, સ્વ.શાંતિલાલ મણિલાલ મણિઆરના જમાઈ, રાજેશભાઇ, સ્વ.નરેશભાઈના બનેવીનું અવસાન થયું છે. સદ્ગતનુ ઉઠમણું તા.૨૦-૭-૨૦૨૩ ગુરૂવારના સાંજે ૪ વાગે શ્રી ઋષભદેવ જૈન ઉપાશ્રય,૧, તિરૂપતિનગર મેઈન રોડ, કેંસર હોસ્પિટલ સામે નિર્મલા કોન્વેન્ટ સ્કૂલ રોડ, રાજકોટ રાખેલ છે.

અમરેલીમાં જિલ્લાકક્ષાનું એગ્રો એસોસિએશનનું વાર્ષિક સંમેલન યોજાયું

(મિલાપ રૂપારેલીયા દ્વારા)
અમરેલી, તા.૧૯

અમરેલીમાં સિવિલ હોસ્પિટલના ઓડીટોરીયમ હોલમાં અમરેલી જિલ્લા એગ્રો ઈન્યુટ્સ એસોસિએશન દ્વારા આયોજિત અને સિન્જેન્ટા ઈન્ડીયા પ્રા.લી. દ્વારા પ્રાયોજિત એક ભવ્ય વાર્ષિક સંમેલન યોજાયું. આ વાર્ષિક સંમેલનમાં સમગ્ર અમરેલી જિલ્લાના તાલુકા તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી એગ્રોનાં વ્યવસાય સાથે સંકળાયેલા તમામ વેપારી મિત્રોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. સમગ્ર જિલ્લામાંથી ૮૦૦ થી વધારે વેપારી મિત્રોએ આ સંમેલનમાં પધારી સંમેલાનને સફળ બનાવ્યું હતું. આ વાર્ષિક સંમેલનમાં કૌશિકભાઈ વેકરીયા નાયબ મુખ્ય ઉપદંડક, ગુજરાત વિધાનસભા અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. અન્ય મહાનુભાવોમાં અરવિંદભાઈ ટીંબડીયા, (સેક્રેટરી ઓલ ઈન્ડીયા એગ્રો એસોસિએશન) ડો.એચ.એમ.ગાજીપરા ડો.જી.આર.ગોહિલ, ભાવેશભાઈ પીપળીયા (નાયબ ખેતી નિયામક વિસ્તરણ અમરેલી) પરેશભાઈ, વિક્રમસિંહ ગોહિલ (પ્રમુખ તળાજા એગ્રો એસોસિએશન) મુકેશ શુકલા પધારીને કૃષિલક્ષી વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ. આ સમગ્ર વાર્ષિક સંમેલનને સફળ બનાવવા માટે અમરેલી જિલ્લા એગ્રો ઇન્યુટ્સ એસોસિએશનના હોદેદારોમાં સર્વ રમેશભાઈ કાથરોટીયા (જિલ્લા પ્રમુખ), મેહુલભાઈ ધોરાજીયા (જિલ્લા ઉપપ્રમુખ) અતુલભાઈ ભાદાણી, (જિલ્લા ઉપપ્રમુખ) ભાવેશભાઈ આરદેસણા (મંત્રી), કાનજીભાઈ લાખાણી (સહમંત્રી), મહેશભાઈ ફળદુ (ખજાનચી તેમજ ગુજરાત ફેડરેશન મેમ્બર્સ કિરણભાઈ પટેલ, પ્રણવભાઈ વિરાણી અને નરેશભાઈ કુંજડીયા ઉપરાંતતાલુકા પ્રમુખએ કે.બી.ગોંડલીયા (અમરેલી), દિનેશભાઈ પોંકીયા (બાબરા) અતુલભાઈ કાછડીયા (લાઠી), મહેશભાઈ કાછડીયા (વડીયા) જયસુખભાઈ ધાડીયા (બગસરા), અરવિંદભાઈ લીંબાસીયા (ચિતલ) વિનુભાઈ કાથરોટીયા (ધારી), ભગુભાઈ ભુકણ (ખાંભા) હિંમતભાઈ હડીયા (રાજુલા), ધીરૂભાઈ વઘાસીયા, રસિકભાઈ લાઠીયા (દામનગર), ભાવેશભાઈ ડોબરીયા, રજનીભાઈ વોરા (લીલીયા) અરવિંદભાઈ પાનસુરીયા (ચલાલા) બાવકુભાઈ બોરીચા, પરેશભાઈ રાણપરીયા, જગદીશભાઈ તળાવીયા, બીરેનભાઈ કાબરીયા, જૈમિનભાઈ પરવાડીયા, પ્રવિણભાઈ, નવનીતભાઈ ધાનાણી, તેમજ અમરેલી એગ્રો ઈલેવન, કારોબારી સભ્યઓ અને અન્ય હોદેદારો દ્વારા સતત પ્રયત્નશીલ રહીને આ વાર્ષિક સંમેલનને સફળ બનાવવા મહત્વપુર્ણ યોગદાન આપેલ.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા બનાવાયેલ વીર-વીરૂ સરોવર ઓવરફલો થતા ૫૦ થી વધુ હાઈરાઈઝ બિલ્ડીંગમાં પાણીના ટેન્કર બંધ થયા

અત્યાર સુધીમાં ૧૦૫ થી વધુ ચેકડેમ પૂર્ણ કરવામાં આવ્યા છેઃ અનેક ડેમો પહેલા જ વરસાદમાં ભરાઈ ગયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

રાજકોટના કાલાવાડ રીંગ રોડ-૨ કટારીયા ચોકડી પાસે પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગરની બાજુમાં વરસાદી પાણી બચાવવા માટે રંગોલી પાર્ક, વ્હાઈટ હેવન, તુલસી ગ્રીન, એકવા, એટલાન્ટીયા, લાડાણી બિલ્ડર્સ, રવિ બિલ્ડર્સ, શિંગાળા પરિવાર, પરસાણા પરિવાર તેમજ અન્ય લોકોના આર્થિક સહયોગથી ચેકડેમ બનાવવાનું નક્કી કરેલ ત્યારે રાજકોટ કલેકટરને રજુઆત કરતા મામલતદારને જગ્યાની ચકાસણી કરવા જણાવેલ તે જગ્યા પર રાજકોટ કલેકટર પ્રભાવ જોશીના હસ્તે ખાતમુર્હત કરવામાં આવેલ.

ત્યારે ઉપસ્થિત મહેમાન માજી સાંસદ વલ્લભ કથેરીયા, આ વિસ્તારના કોર્પોરેટરો, બિલ્ડર જમનભાઈ પટેલ-ડેકોરા ગ્રુપ, દિનેશભાઈ પરસાણા, ચંદુભાઈ પરસાણા, રમેશભાઈ ઠક્કર, વિરાભાઈ હુંબલ, હરિભાઈ ચૌહાણ, દિનેશભાઈ પટોળીયાની હાજરીમાં દિલીપભાઈ લાડાણી- લાડાણી બિલ્ડર્સ તરફથી ડેમના **RCC** માટે સિમેન્ટ-કોન્ક્રેટ આપવાનું જાહેર કરેલ અને ખર્ચ પેટે વધુમાં વધુ રકમ ચંદ્રકાંતભાઈ ડેડાણીયા-રવિ બિલ્ડર્સ તરફથી જાહેર થતા ડેમનું નામ વીર-વીરુ અમૃત સરોવર રાખવામાં આવેલ.

ગીરગંગા પરીવાર ટ્રસ્ટ દ્વારા ૭ એકર વિશાળ જગ્યામાં સરેરાશ ૨૦ ફૂટ ઊંડો ડેમ બનાવવામાં આવેલ છે. વાવાઝોડા સાથે વરસાદમાં અડધો ડેમ પાણીથી ભરાયેલ જેનાથી આજુબાજુના હાઈરાઈઝ બિલ્ડીંગના બોરમાં વરસાદી પાણી ઉપર જ આવી જવાથી લગભગ રોજના ૫૦ ટેન્કર બંધ થયા છે ત્યારે સાંસદ રામભાઈ મોકરીયાના હસ્તે નવા નીરના વધામણા કરેલ અને પ્રો. ડો. જગતભાઈ તેરૈયા દ્વારા મોકરિયાની હાજરીમાં લતાવાસીઓને પાણીનું મહત્વ સમજાવી પાણી બચાવવા માટે શપથ લેવડાવ્યા હતા. આ વરસાદી પાણીથી અડધો ડેમ ભરાવાથી આજુબાજુના લોકોને આર્થિક ભારણ હળવું થયું છે અને શુધ્ધ પાણીથી લોકોને આરોગ્યમાં ફાયદો થશે.

સંપુર્ણ લોકભાગીદારીથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ચેકડેમ ઊંડા,ઊંચા અને રીપેર કરવામાં આવે છે તેમજ નવા બનાવવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧૦૫ થી વધુ ચેકડેમ પૂર્ણ કરવામાં આવ્યા છે. જેમાં અનેક ડેમો પહેલા જ વરસાદમાં ભરાઈ ગયા છે. હાલમાં બીજો વરસાદ પડતા રાજકોટ શહેરના મોટા મોવા વિસ્તારમાં સંપુર્ણ લોકભાગીદારીથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વીર-વીરુ અમૃત સરોવર બનાવવામાં આવેલ છે તેમાં વિશાળ પાણીનો જથ્થો આવવાથી ઓવરફલો થઈ ચુકેલ છે ત્યારે રાજકોટ તાલુકાના મામલતદાર કમલેશ કરમટા સાથે લતાવાસીઓ દ્વારા રૂબરૂ મુલાકાત લઈ ખુબ જ આનંદ વ્યક્ત કરેલ અને જણાવેલ કે લોકભાગીદારીથી તાત્કાલિક ચેકડેમ બને તો પ્રકૃતિ સાથે પશુ-પક્ષી, જીવ-જંતુ અને માનવજાતને પાણીનો ખુબ જ મોટો ફાયદો થયો છે.

આ સરોવરમાં નવા નીર આવવાથી આજુબાજુના વિસ્તારના ભૂગર્ભ જળની ગુણવત્તામાં ખૂબ જ સુધારો જોવા મળ્યો છે તેવું આ વિસ્તારના લોકોને અનુભવ્યું છે. રંગોલી પાર્ક તથા વ્હાઇટ હેવન વિસ્તારના નીતિનભાઈ દુદાણી, ભાવેશભાઈ, હિતેશભાઈ ભીમાણી, ભરતભાઇ ભાલોડી, ચંદ્રેશભાઈ ભાલોડી, સવજીભાઈ, દિનેશભાઇ ભટ્ટ, ભાવેશભાઈ રામાણી, રીપલભાઈ સવસાની, નરેન્દ્રભાઈ, મનીષભાઈ કલોલા, રોહિતભાઈ સવસાની, જગદીશભાઈ ભાલોડી, મુકેશભાઈ થોરિયા, મેહુલભાઈ સાપરીયા, મુકેશભાઈ કલીવાલ વગેરે લોકોએ આ કાર્યને વેગ આપ્યું છે. તેમ જણાવ્યું છે.

સમસ્ત શ્રીમાળી સોની પાટડીયા પરિવાર દ્વારા
૨૩મીએ શ્રી સત્યનારાયણ ભગવાનની કથા તથા મંડળ ભરવાનું આયોજન કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

સમસ્ત શ્રીમાળી સોની પાટડિયા પરિવાર હળવદીયા-પાટડિયા વાગડીયા-પાટડિયા જાંબુડીયા-પાટડિયા મેથાણીયા-પાટડિયા પરિવાર દ્વારા આયોજીત શ્રી સત્યનારાયણ ભગવાનની કથા તથા મંડળ ભરવાનુંનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૨૩-૭-૨૦૨૩ને રવિવારે સાંજે પથી ૮ વાગ્યા દરમિયાન વિરાણી હાઈસ્કૂલની સામે નાગર બોર્ડિંગ ગ્રાઉન્ડ ફ્લોરમાં યોજાનાર શ્રી સત્યનારાયણ ભગવાનની કથામાં શાસ્ત્રી અમિતભાઈ જાની બિરાજીને કથાનું રસપાન કરાવશે. કથામાં અગિયાર દંપતીઓ દ્વારા પુજા અર્ચના કરવામાં આવશે. આ તકે ગોસ્વામી શ્રી રૂચીરરાયજી મહોદય ચરણાટ હવેલી રાજકોટ વાળા પધારશે.

શ્રી સત્યનારાયણ ભગવાનની કથામાં બેસનાર વિજયભાઈ પ્રફુલભાઈ પાટડિયા, નમ્રતાબેન વિજયભાઈ પાટડિયા, જીજ્ઞેશ નટવરલાલ વાગડીયા, શ્વેતાબેન જીજ્ઞેશભાઈ વાગડીયા, કલ્પેશભાઈ હસુભાઈ પાટડીયા, રીટાબેન કલ્પેશભાઈ પાટડિયા, પરેશભાઈ ઝેવરચંદભાઈ પાટડીયા, ભાવિકાબેન પરેશભાઈ પાટડીયા, જીજ્ઞેશ પ્રદીપભાઈ પાટડીયા, દિપીકાબેન જીજ્ઞેશભાઈ પાટડીયા, કમલેશભાઈ ગીરધરલાલ પાટડીયા, કાજલબેન કમલેશભાઈ પાટડિયા, સંદિપભાઈ ભરતભાઈ જડીયા, રચના બેન સંદિપભાઈ જડીયા, હિતેશભાઈ મનસુખભાઇ પાટડિયા, ભાવનાબેન હિતેશભાઈ પાટડિયા, દંપતી દ્વારા પુજા અર્ચના કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં રાજકોટના પાટડીયા પરિવારના પ્રભુદાસભાઈ જયંતિલાલ જડીયા, અરવિંદભાઈ શામજીભાઈ પાટડીયા, કનુભાઈ છગનલાલ પાટડીયા, નલીનભાઈ જયંતિલાલ પાટડિયા, મહેન્દ્રભાઇ પાટડીયા, મનિષભાઇ ચંદુભાઈ પાટડીયા, જયંતિભાઈ વાલજીભાઈ પાટડિયા, જગદીશભાઈ વાગડીયા, ચેતનભાઈ રસિકલાલ પાટડિયા, મનિષભાઇ પાટડીયા બિલ્ડર્સ, મનોજભાઈ નીલુભાઈ પાટડીયા, કિરીટભાઇ વાગડીયા, તરૂણભાઈ કનૈયાલાલ પાટડિયા, કુમારભાઈ જમનાદાસ વાગડીયા, હસુભાઈ પાટડિયા, દામોદરદાસ રમણીકલાલ વાગડીયા, ભરતભાઈ વાગડીયા ,જીતુભાઈ હરિલાલ પાટડિયા, દિલીપભાઈ પાટડીયા,

તેમજ અમદાવાદના નવનીતભાઈ પાટડીયા ચેરિટી ઓફિસર, જયેશભાઈ પાટડિયા હિરેનભાઈ પાટડીયા, હસુભાઈ પાટડિયા, દિનેશભાઇ પાટડિયા, દિનકરભાઈ પાટડિયા, ડો મંથનભાઈ પાટડિયા, કાંતિલાલ બાબુલાલ વાગડીયા મોરબી, વાંકાનેરના જયંતિભાઈ પાટડિયા, જગદીશભાઈ આર. પાટડીયા, જશુભાઇ જમનાદાસ પાટડિયા, વડોદરાના આનંદભાઈ પાટડીયા, પ્રકાશભાઈ ભગવાનજી વાગડીયા, ગોંડલના અશોકભાઈ હિરાલાલ જડીયા મુકેશભાઈ પાટડિયા, જીતેનભાઈ જડીયા, મુકુંદભાઈ પ્રભુદાસ જડીયા, ધર્મેશભાઈ ભગવાનજીભાઈ પાટડીયા પુના હર્ષદભાઈ શાંતિલાલ પાટડિયા હળવદ મિતેશભાઈ કિશોરભાઈ પાટડિયા હળવદ પરિવાના લોકો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં સફળ બનાવવા માટે જીજ્ઞેશ વાગડીયા, કલ્પેશભાઈ પાટડિયા, ભાવિનભાઈ વાગડીયા, વિજયભાઈ પાટડિયા, પરેશભાઈ પાટડિયા, નીલેશભાઈ જડીયા, મનિષભાઇ પાટડીયા, સંદિપભાઈ જડીયા, મોહિત પાટડિયા, હસ્મિતા બેન પાટડીયા રીટાબેન પાટડિયા નમ્રતાબેન પાટડિયા ભાવિકાબેન પાટડિયા દ્વારા જહેમત ઉઠાવી રહ્યા હોવાનું સમસ્ત શ્રીમાળી સોની પાટડિયા પરિવાર રાજકોટના જીજ્ઞેશ વાગડીયાએ જણાવ્યું હતું.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

ગોંડલના વાસાવડ ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વૃક્ષારોપણ કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

પ્રદુષણ ઘટાડવા અને પર્યાવરણ જાળવણી અર્થે ચોમાસાની ઋતુ દરમિયાન વધુ ને વધુ વૃક્ષોનું વાવેતર કરવું આવશ્યક છે. ત્યારે રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના વાસાવડ ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેડીકલ ઓફિસર ડો. સરોજબેન જેતપરીયાના નેતૃત્વ હેઠળ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેથી, ભવિષ્યમાં દર્દીઓને છાંયો મળી શકે. આ તકે સુપરવાઈઝર ઘનશ્યામભાઈ પરમાર, લેબોરેટરી ટેકનીશીયન પુનિતાબેન મહેતા, કમ્યુનીટી હેલ્થ ઓફિસર, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ વર્કર, આશાબહેનો, સરપંચ, ઉપસરપંચ ઉપસ્થિત રહ્યા હતા.

સરસ્વતિ વિદ્યાલયમાં મેડીકલ હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૯ઃ રાજકોટની સરસ્વતિ વિદ્યાલયમાં તાજેતરમાં આરોગ્ય તબીબી સેવાઓ માટે રાજકોટ મહાનગર પાલિકાની આરોગ્ય શાખાના સંયુક્ત ઉપક્રમે શાળામાં વિદ્યાર્થીઓ માટે આરોગ્ય તપાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડો. શીતલ વાછાણી, ડો.વિનાબેન કક્કડ તથા આરોગ્ય ટીમ શાળાના દરેક બાળકોની આરોગ્ય તપાસ-નિદાન કરી બાળકોને જરૂરી સારવાર તથા સલાહ સુચન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા બદલ શાળાના પ્રિન્સીપાલ જે.ડી.ભાખર દ્વારા આરોગ્ય ટીમ અને શાળાના શિક્ષકગણને અભિનંદન પાઠવ્યા હતા.

થ્રી વ્હીલર પ્રકારના વાહનો માટે જી.જે.૦૩.સી.ટી. ગોલ્ડન-સિલ્વર નંબરોના સીરીઝ ઈ-ઓકશન તથા જી.જે.૦૩.બી.એક્સ. સીરીઝનું રી-ટેન્ડર યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

પ્રાદેશિક વાહનવ્યવહારની કચેરી, રાજકોટ દ્વારા થ્રી વ્હીલર પ્રકારના વાહનો માટે જી.જે.૦૩.સી.ટી. ગોલ્ડન, સિલ્વર સીરીઝ કે અન્ય પસંદગીના નંબર મેળવવા માટેનું ઓકશન તા.૦૧/૦૮/૨૦૨૩ ના રોજ કરવામાં આવશે. પસંદગીના નંબર મેળવવા માટે ઈચ્છુક વાહન માલિકો તેમના વાહનનું ઓનલાઈન **http://parivahan.gov.in/fancy** પર રજીસ્ટ્રેશન કરી ઓક્શનમાં ભાગ લઈ શકશે. અરજદારે **parivahan.gov.in** વેબસાઈટ પર દર્શાવેલ ઓનલાઈન સર્વિસ પર ક્લિક કરીને **fancy number booking** પર ક્લિક કરીને આઈ.ડી. બનાવવાનું રહેશે. આઈ.ડી. બનાવ્યા બાદ સી.એન.એ ફોર્મ ઓનલાઈન ભરીને પસંદગીનો નંબર સિલેક્ટ કરી ફી ભરી ત્યારબાદ હરરાજીમાં ભાગ લઈ શકાશે. હરાજીમાં નંબર મેળવ્યા બાદ પાંચ દિવસમાં હરાજીની બાકીની રકમ ભરી આર.ટી.ઓ. કચેરીએથી અપ્રુઅલ લઈ નંબર મેળવી. વાહન ખરીદીના સાત દિવસમાં અરજદારે સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે.

પસંદગીના ગોલ્ડન તેમજ સિલ્વર નંબરો મેળવવા માટે તા.૧/૮/૨૦૨૩ થી તા.૫/૮/૨૦૨૩ ઓનલાઈન એપ્લીકેશન કરવાની રહેશે. તા.૫/૮/૨૦૨૩ થી ૭/૮/૨૦૨૩ના સાંજે ૪ કલાક સુધી ઓનલાઈન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા.૮/૮/૨૦૨૩ના રોજ કચેરીમાં ફોર્મ જમા કરવાનાં રહેશે. થ્રી વ્હીલર પ્રકારના વાહનો માટે જી.જે.૦૩.સી.ટી. ગોલ્ડન-સિલ્વર નંબરોના સીરીઝ ઇ-ઓકશન તથા જી.જે.૦૩.બી.એક્સ. સીરીઝનું રી-ટેન્ડર યોજાશે.

વાહન વેચાણ તારીખથી સાત દિવસની અંદર સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરેલ હોવું ફરજીયાત છે. સમય મર્યાદા બહારની અરજી માન્ય ગણવામાં આવશે નહી. જેની નોંધ લેવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી,રાજકોટની યાદીમાં જણાવાયુ છે.

પ્રસૂતાના ગર્ભાશયની ૧૦ સે.મી. ગાંઠની સફળ સર્જરી

ખાનગી હોસ્પિટલ્સ દ્વારા અતિ જોખમી સર્જરીનું જોખમ ન લેવાતા પદ્મકુંવરબા હોસ્પિટલમાં કરાઈ જટિલ સર્જરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

આરોગ્ય ક્ષેત્રે જવલ્લેજ જોવા મળતા જટિલ કિસ્સામાં ડોક્ટરની કુનેહ અને કુશળતાની પરીક્ષા લેવાતી હોય છે. હાલમાં પદ્મકુંવરબા હોસ્પિટલમાં ગાયનેક વિભાગમાં મહિલા અને બાળકની ઝીંદગી બચાવ્યાનો કિસ્સો સામે આવ્યો છે. ગાયનેક સર્જન ડો.પાર્થ હિરપરાના જણાવ્યા મુજબ ૩૨ વર્ષીય અનુરાધાબેન વિશાલકુમાર પ્રસૂતા મહિલાને ગર્ભાશયના મુખ પર બાળકના માથાના ભાગ નીચે ૧૦ સે.મી.ની ગાંઠ થયેલી. ગાંઠના લીધે બાળકના જન્મની સાથે ગાંઠનું ઓપરેશન કરવું જરૂરી હતું. આ સર્જરી ખુબ જ જોખમી હોઈ અનેક ખાનગી હોસ્પિટલ્સ દ્વારા તેઓને દાખલ કરવાની મનાઈ કરી હતી. જેથી તેઓ અહીં પદ્મકુંવરબા હોસ્પિટલમાં દાખલ થયેલા.

ડો.હિરપરા આ સર્જરી અંગે વિગતે માહિતી આપતા જણાવે છે કે, બાળકને સિઝેરિયન દ્વારા જન્મ આપવાનું નક્કી કરવામાં આવ્યું. સિઝેરિયન દરમ્યાન ગાંઠના ભાગને સાઈડમાં કરી બાળકનો સુખરૂપ રીતે જન્મ કરાયો હતો. ત્યારબાદ સર્જરી દરમ્યાન લોહી ખુબ વહેવાની શક્યતા વચ્ચે ગર્ભાશયની ગાંઠની જટિલ સર્જરી પાર પાડી. હાલ માતા તેમજ બાળક બંને સ્વસ્થ છે.

ડો. પાર્થ જણાવે છે કે, મોટાભાગે ૪૦ વર્ષ પછી મહિલાઓમાં ગર્ભાશયમાં આ પ્રકારની ફાઈબ્રોઈડ ગાંઠ થતી જોવા મળે છે ત્યારે તેઓનું ઓપરેશન કરી ગર્ભાશય બહાર કાઢી લેવામાં આવે છે. પરંતુ આ મહિલાના કિસ્સામાં તેઓનું પ્રથમ બાળક હોય ગર્ભાશય સલામત રહે તે મોટી જવાબદારી હતી. આ ઉપરાંત પદ્મકુંવરબા હોસ્પિટલ ખાતે (ટોટલ લેપ્રોસ્કોપિક હિસ્ટરેકટમી) દૂરબીન વડે કોથળી કાઢવાની અનેક સર્જરી કરી આપવામાં આવી હોવાનું ડો.પાર્થ જણાવે છે.

પદ્મકુંવરબા હોસ્પિટલના અધ્યક્ષ ડો. તરીષા મર્ચન્ટના જણાવ્યા મુજબ સમગ્ર ગુજરાતમાં રાજકોટ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ ગાયનેક વિભાગમાં પ્રથમ નંબરે રહેલી છે. રાજ્ય સરકાર દ્વારા સ્વસ્થ માતા સ્વસ્થ બાળ અભિયાનને સાર્થક કરતી પદ્મકુંવરબા હોસ્પિટલની ટીમ સરાહનીય કામગીરીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહી છે.

(રાજકુમાર રાજકોટ માહિતી ખાતુ)

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર દ્વારા

૧લી ઓગસ્ટથી જી.પી.એસ.સી.,નાયબ સેકશન અધિકારી કલાસ-૩ની ૧૨૭ જગ્યાઓ માટેના પ્રિલીમ્સના કોચીંગ વર્ગો શરૂ કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સીસીડીસી મારફત જુદી-જુદી સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની સચોટ તાલીમ અને તજજ્ઞ નિષ્ણાંતોના માધ્યમથી કરવામાં આવે છે. જેના કારણે સૌરાષ્ટ્ર વિસ્તારના અનેક છાત્રોને સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન સાકાર થયેલ છે. સીસીડીસીના તાલીમ વર્ગોમાં દરરોજ સીલેકટેડ ટોપીક ઉપર માર્ગદર્શન, સ્વચકાસણી સ્વરૂપ એમ.સી.કયુ. પરીક્ષા, જ્ઞાનના સાગર રૂપી ઈનહાઉસ લાયબ્રેરી તથા પરીક્ષામાં સફળતા મેળવે તે પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ગીરીશભાઈ ભીમાણીના માર્ગદર્શન હેઠળ ટીમ સી.સી.ડી.સી. મારફત અનેક સફળતાપૂર્વક કાર્યક્રમ અને તેના ફળ સ્વરૂપ દરેક પરીક્ષામાં છાત્રો મારફત ઝળહળતી સફળતા મેળવી સીસીડીસીના તાલીમ વર્ગોને અને કાર્યશાળાઓના આયોજનને બિરદાવેલ છે.

હાલ જી.પી.એસ.સી. દ્વારા નાયબ સેકશન અધિકારી (સચિવાલય)ની વર્ગ-૩ ની ૧૨૦ જગ્યાઓ અને નાયબ સેકશન અધિકારી (ગુજરાત જાહેર સેવા આયોગ) વર્ગ-૩ ની ૦૭ માટે કુલ ૧૨૭ ની ભરતી કરવામાં આવનાર છે. ભરતીની જાહેરાતનાં અનુસંધાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સી.સી.ડી.સી.નાં દ્વારા તા.૧-૮-૨૦૨૩ ને મંગળવારથી પ્રિલીમ્સના તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમ વર્ગમાં જી.પી.એસ.સી. નાયબ સેકશન અધિકારી વર્ગ-૩ ની વિવિધ જગ્યાઓ માટેના અભ્યાસક્રમમાં જનરલ સ્ટડીઝના પ્રિલીમ્સના સિલેકટેડ વિષયો જેવા કે, ભારતનું બંધારણ, ભારતનો ઈતિહાસ અને ભૂગોળ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન અને ટેકનોલોજી, મેથેમેટીકસ અને રીઝનીંગ, સાંસ્કૃતિક વારસો વગેરેની સઘન તાલીમ આપવામાં આવનાર છે.

ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ વહેલા તે પહેલાના ધોરણે તા.૩૧-૭ સુધીમાં સી.સી.ડી.સી. બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફલોર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, જી.પી.એસ.સી.નું નાયબ સેકશન અધિકારીનું ઓનલાઈન ભરેલ એપ્લીકેશન ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી. પ્રુફ અને લીવીંગ સર્ટીફિકેટ સાથે લાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન ફોર્મ ભરી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે. તેમ જણાવ્યું છે.

ભાદર-૨ ડેમના ૬ દરવાજા ૪ ફુટ ખોલાયા, હેઠવાસના ગામોને સાવચેત રહેવા સુચના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

નાયબ કાર્યપાલક ઈજનેર, ગુણવત્તા નિયમન પેટા વિભાગ, રાજકોટ સિંચાઈ વર્તુળ તરફથી મળેલ સૂચના અનુસાર, ભારે વરસાદને કારણે ધોરાજી તાલુકાના ભાદર-૨ ડેમનાં ૬ દરવાજા ૪ ફૂટ ખોલવામાં આવ્યા છે ૪૭૩૬૪ ક્યુસેક પાણીની આવક સામે ૩૧૫૯૦ ક્યુસેક પાણીનો પ્રવાહ છોડવામાં આવી રહ્યો હોવાથી ધોરાજી તાલુકાના ભોળા, ભોળગામડા, છાડવાવદર અને સુપેડી તેમજ ઉપલેટા તાલુકાના ડુમિયાણી, ચીખલીયા, સમઢીયાળા, ગણોદ, ભીમોરા, ગાધા, ગંદોડ, હાડફોડી, ઈસરા, કુંઢેચ, લાઠ, મેલી મજેઠી, નિલાખા, તલગણા તથા ઉપલેટાના લોકોને નદીના પટમાં અવરજવર નહિ કરવા તેમજ સાવચેત રહેવા ડિઝાસ્ટર મેનેજમેન્ટ, મામલતદારની યાદીમાં જણાવાયું છે.

બેન્ક ઓફ બરોડા દ્વારા હિન્દી ભવનના વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

હિન્દી ભવનના બે યશસ્વી વિદ્યાર્થીઓ સોલંકી શ્રદ્ધા અને સોલંકી સુરાજકુમારને સત્કારાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

એમ.એ. (હિન્દી)માં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરતાં વિદ્યાર્થીઓને બેન્ક ઓફ બરોડા દ્વારા પ્રતિ વર્ષ પુરસ્કાર, પ્રમાણપત્ર અને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષે પણ તા.૧૪-૭ શુક્રવારના રોજ એક ભવ્ય સમારોહમાં એ જ પ્રમાણે શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. ભવનનાં અધ્યક્ષ અને પ્રો. ડો. બી. કે. કલાસવાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ આ વિદ્યાર્થીલક્ષી કાર્યક્રમમાં બેન્ક ઓફ બરોડા તરફથી સંતોષકુમાર સિંહ અને સંજયકુમાર આર્ય એમ બે વરિષ્ઠ અધિકારીઓ અને વિનોદકુમાર ગોંડ (રાજભાષા અધિકારી) ઉપસ્થિત રહ્યા હતા. હિન્દી ભવનના બે યશસ્વી વિદ્યાર્થીઓ સોલંકી શ્રદ્ધા અમૃતલાલ અને સોલંકી સુરાજકુમાર દિનેશભાઈનું ભવનના અધ્યાપકો ડો. એસ. કે. મેહતા, ડો. એન. ટી. ગામીત, ડો. સરોજબેન બારિઆ તથા ભવનનાં એમ.એ. અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં સન્માન થયું. બેન્કનાં કર્મચારીઓ અને અધ્યક્ષ ડો. બી. કે. કલાસવાએ પ્રાસંગિક ઉદ્બોધાન કર્યું. તેઓએ વર્તમાન વિદ્યાર્થીઓને હિન્દી ભાષાના રોજગારના વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગ વિષે પ્રેરિત કર્યા હતા. સાથે સમસ્ત સ્ટાફે સન્માનિત વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

બેન્ક ઓફ બરોડાનાં અધિકારીઓ અને સહયોગીઓ પ્રત્યે ડો. એસ. કે. મેહતાએ આભાર-દર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓએ પ્રતિભાવ આપી ખુશાલી વ્યક્ત કરી હતી. ભવનના કર્મચારી હેતલબેન બી. ચાવડા, જ્યોત્સનાબેન સિંધલ, આરતીબેન વાઘેલા વગેરેએ જરૂરી સહયોગ આપ્યો હતો. આમ, આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયેલો જાહેર કર્યો હતો.

ચંદ્રયાન-૩ની સફળ ઉડાન સાથે જ કેન્દ્ર સરકારના વિકાસલક્ષી પરીક્ષણોને આવકારતું જીલ્લા ભાજપ

મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ એટલે રોકેટવુમન ઈસરોના મહિલા વેજ્ઞાનિક રીતુ કરીધાલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

ગત ૧૪ જુલાઈના રોજ બપોરે ૨.૩૫ કલાકે ચંદ્રયાન-૩ની ચંદ્ર તરફની સફળ ઉડાનને આવકારતા રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલ દવે, રાજકોટ જિલ્લા ભાજપના અધ્યક્ષ અલ્પેશ ઢોલરીયા તથા મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશ હેરભા, રવિ માંકડિયાએ એક સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું કે, વિકાસશીલ રાષ્ટ્રના સ્વપનદ્રષ્ટા એવા આપણા લોકલાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ભાજપ સરકાર દ્વારા તાજેતરમાં ચંદ્રયાન-૩ની ચંદ્ર તરફની ઐતિહાસિક ઉડાનએ વિજ્ઞાન ક્ષેત્રે અનેક આમૂલ પરિવર્તન લાવનાર બની રહેશે.

દેશનો સર્વાંગી વિકાસ એ એક જ મુખ્ય ઉદ્દેશ્યથી કાર્યરત એવી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા દેશને દરેક ક્ષેત્રે મહારથી બનાવવા અનેક કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે, ચંદ્રયાન-૩એ માટેનું ઉતમ ઉદાહરણ પૂરું પાડે છે, ચંદ્રયાન-૩એ અંદાજીત ૩.૮૪ લાખ કિલોમીટરની યાત્રા લગભગ ૪૧ દિવસની સફર પૂર્ણ કર્યા બાદ ચંદ્ર પર સફળતાપૂર્વક લેન્ડ થશે ત્યારે ભારત આ અવકાશીય સિદ્ધિ હાંસલ કરનારો દુનિયાનો ચોથો દેશ બની જશે.

ચંદ્રયાન-૩ ચંદ્ર પર લેન્ડ થયા બાદ વિવિધ ૧૦ તબક્કાઓમાં સંશોધન કરશે અને એક નવો જ અધ્યાય શરુ થશે જેનો લાભ સમગ્ર વિશ્વને મળશે. સમગ્ર દેશ માટે ગૌરવ લઇ શકાય તેવી ક્ષણો હોય ત્યારે દેશની સ્પેસ એજન્સી ઇન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)નું આગામી મિશન સોલાર ઓટોમોબાઈલ ક્ષેત્રમાં છે. આગામી ઓગષ્ટના અંત સુધીમાં સૂર્યના દ્વાર પર પણ એક ઉપગ્રહ છોડવામાં આવનાર છે. અત્રે એ નોંધનીય છે કે મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ સાબિત કરનાર રોકેટવુમન ઈસરોના મહિલા વેજ્ઞાનિક રીતુ કરીધાલને અભિનંદન છે. આમ કેન્દ્ર સરકારના વિકાસલક્ષી વિઝન અને મિશનની સિધ્ધિઓને આવકારવા સમગ્ર રાજકોટ જિલ્લા ભાજપ ટીમ દ્વારા યાદીમાં જણાવાયું છે.

ગુજરાતમાં રાજ્યસભા માટેના ભાજપના ત્રણેય ઉમેદવારો બિનહરીફ વિજેતા થતા રાજકોટ જીલ્લા ભાજપમાં હરખની હેલી

બિનહરીફ ઉમેદવારોને આવકારતા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ઉપસ્થિત આગેવાનો કાર્યકર્તાઓના મોં મીંઠા કરાવાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

તાજેતરમાં ગુજરાતની ૩ રાજ્યસભાની બેઠકને લઈને ભારતીય જનતા પાર્ટીના ત્રણ ઉમેદવારો સર્વ એસ. જયશંકર, બાબુભાઈ દેસાઈ તથા વાંકાનેર રાજવી કેસરીદેવસિંહજી ઝાલા બિનહરીફ ચૂંટાઈ આવતા અને અન્ય કોઈ રાજકીય પક્ષ દ્વારા એક પણ ઉમેદવાર ન નોંધાતા ઉપરોક્ત ત્રણેય આગેવાનોની બિનહરીફ વરણી થયેલ છે. જેને રાજકોટ જીલ્લા ભાજપ ટીમ દ્વારા વધાવી લઇ અને કાર્યાલય ખાતે ઉપસ્થિત આગેવાનો, કાર્યકર્તાઓએ મો મીઠા કર્યા હતા.

રાજ્યસભામાં ઉપરોક્ત ત્રણેય ઉમેદવારો સંભવતઃ તા.૨૦ જુલાઈના શપથ ગ્રહણ કરશે તેવું જણાવાયું છે. ગુજરાતના વિકાસ કાર્યો માટે ઉપરોક્ત ત્રણેય અગ્રણીઓ એક નવું જોમ પૂરું પડશે અને આગામી ચૂંટણીમાં તેની સીધી જ અસર જોવા મળશે તેવો આશાવાદ જીલ્લા ભાજપ પરિવારના આગેવાનોએ વ્યક્ત કર્યો છે રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલ દવે, રાજકોટ જીલ્લા ભાજપાના અધ્યક્ષશ અલ્પેશ ઢોલરીયા તથા મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશ હેરભા, રવિ માંકડિયાએ એક સંયુક્ત યાદીમાં જણાવ્યું છે.

ઉપરોક્ત ત્રણેય અગ્રણીઓને અભિનંદન પાઠવતા ઉપરોક્ત ભાજપના આગેવાનોએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી નડ્ડા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત રાજ્ય પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના નેતૃત્વમાં લોકસભા, ધારાસભા, જિલ્લા પંચાયત તથા ગ્રામ પંચાયત સહિતની અનેક અનેક ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ જંગી બહુમતીથી જીત હાંસલ કરી છે.

રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપાના રાજ્યસભાના ત્રણેય ઉમેદવારો બિનહરીફ વિજેતા બનતા અભિનંદન પાઠવ્યા હોવાનું રાજકોટ મંડલ ભાજપ મીડિયા સેલના કન્વીનર અરૂણભાઈ નિર્મળે જણાવ્યું હતું.

મિત્ર મંડળ ગ્રુપ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૯: શ્રી રામવિજય એજયું. એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અને મિત્ર મંડળ ગ્રુપ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તે અન્વયે દર રવિવારે ઝુંપડપટ્ટીના બાળકો સહિત નિરાધાર લોકોને ભરપેટ ભોજન ફૂટ સલાડ, રોટલી તેમજ શાક દાળભાત, ભુંગરા, સલાટ, વગેરે આપવામાં આવે છે. તે ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં ચિલ્ડ્રન બાળકોને પણ ફૂટ દૂધ સહિત જરૂરિયાત મુજબની વસ્તુઓ જમાડવામાં આવે છે. તેમ જણાવ્યું છે.

સ્વામિનારાયણ ગુરૂકુળ ઈન્ટરનેશનલ સ્કૂલમાં

ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃતિઓ અને સ્પર્ધાઓનું આયોજન સંપન્ન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૯

વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની સાથે તેનામાં રહેલા કૌશલ્યોને દિશા આપવા સમયાંતરે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ઈન્ટરનેશનલ સ્કૂલ **(SGIS)** ખાતે વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે વય મુજબ વિવિધ કૌશલ્યસભર પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિદ્યાર્થીઓએ ભરપુર આનંદ માણ્યો હતો.

આ કાર્યક્રમ અંગે વધુ માહિતી આપતા એસજીઆઈએસના શૈક્ષણિક નિયામક શ્રીકાંત તન્નાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને શાળામાં શૈક્ષણિક અભ્યાસક્ર સાથે બીન શૈક્ષણિક અને કૌશલ્યવર્ધક રમતો કે પ્રવૃતિઓ કરાવામાં આવે છે જેનાં માધ્યમથી બાળકોમાં સર્જનાત્મકતા વિવેચનાત્મક વિચારસરણી અને વિશ્લેષણાત્મક વિચારસરણીનો વિકાસ થાય છે.

ધોરણ ૧ થી ૩ ના વિદ્યાર્થીઓને સંખ્યાની ગણતરીની સમજ આપવા માટે ટેબલ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધાનો ઉદ્દેશ્ય બાળકના ગાણિતિક કૌશલ્યને વધારવા અને સંખ્યાઓ પ્રત્યે પ્રેમ અને સમસ્યાનું નિરાકરણ કરવાની શક્તિ કેળવવાનો હતો. શાળાના ધોરણ ૪ અને ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હસ્તલેખન સ્પર્ધાનું આયોજન કર્યું હતું.

આ સ્પર્ધાની હેતુ સુંદર અક્ષરોની કળાને પ્રોત્સાહિત કરવાનો હતો અને સુઘડ લેખિત શબ્દ માટે પ્રોત્સાહિત કરવાનો હતો. સ્પર્ધામાં જીતવા માટે નિર્ણાયકો દ્વારા જુદા જુદા નિયમો જેમકે, સુવાચ્ય અને સુઘડ અક્ષરો શબ્દો અને વાક્યો વચ્ચેનું યોગ્ય અંતર અને વ્યક્તિગત લખાણ શૈલીને ધ્યાનમાં રાખવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થી માટે ગમ્મત સાથે જ્ઞાન એટલે કે આંકડાઓની યોગ્ય સ્થાને ગોઠવણી કરીને રમવામાં આવતી પ્રખ્યાત રમત સુડોકુ રમાડવામાં આવી હતી. કે જે તર્ક આધારીત ગાણિતીક કોયડાની રમત છે. આ કોયડાના નિયમો મુજબ ૯×૯ ના ચોકઠામાં ૩×૩ નો સમચોરસ હોય છે. કોયડાનો ઉકેલ માટે દરેક ઉભી હરોળ અને આડી હરોળમાં ૧ થી ૯ નો આંક ગોઠવવાના હોય છે. આ ઉપરાંત જે તે સમચોરસમાં પણ ૧ થી ૯ ના આંક હોવા જોઈયે એક પણ આંકનું પુનરાવર્તન થવું જોઇએ. વિદ્યાર્થીઓએ એક પછી એક લેવલને પાર કરીને તેમજ ચોક્કસ સમય મર્યાદામાં પૂર્ણ કરવાના તમામ નિયમોનું પાલન કરીને રમતની મજા માણી હતી. વિદ્યાર્થીઓના કૌશલ્યોને પ્રોત્સાહિત કરવા અને તેના જ્ઞાનમાં વધારો કરવા માટે યોજાયેલ વિવિધ રમતો અને સ્પર્ધાઓનું સફળ આયોજન શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળના સંતો શૈક્ષણિક નિયામક શ્રીકાંત તન્નાના માર્ગદર્શનમાં શાળાના સમર્પિત શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. તેમ જણાવ્યું છે.

રાજકોટની જિલ્લા ૧૦૦ ટકા ગ્રામ પંચાયતોમાં ક્યૂ.આર.કોડથી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ શરૂ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

હાલ મોબાઈલ ટેક્નોલોજીના ઉપયોગથી પેમેન્ટનું ચલણ વધી રહ્યું છે, ત્યારે ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત પંચાયતોમાં વેરા વસૂલાતમાં પણ યુ.પી.આઈ. (યુનિફાઈડ પેમેન્ટસ ઈન્ટરફેસ)થી પેમેન્ટની સિસ્ટમ લાગુ કરાઈ રહી છે. જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીના નેતૃત્વમાં રાજકોટ જિલ્લાની તમામ ૫૮૮ ગ્રામ પંચાયતોમાં ક્યુ.આર. કોડ મારફત યુ.પી.આઈ.થી પેમેન્ટની સિસ્ટમ લાગુ થઈ ગઈ છે. આમ રાજકોટ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં લોકો પંચાયતોમાં પણ વેરા સહિતના પેમેન્ટ મોબાઈલ મારફત સરળતાથી ચૂકવી શકે છે.

નાયબ જિલ્લા વિકાસ અધિકારી બ્રિજેશ કાલરિયાના જણાવ્યા પ્રમાણે, રાજકોટ જિલ્લાની તમામ ૫૮૮ ગ્રામ પંચાયતમાં ક્યૂ.આર. કોડ આપીને યુ.પી.આઈ. પેમેન્ટ સિસ્ટમ લાગુ કરવાનું કામ ગતિમાં હતું. ડી.ડી.ઓ. દેવ ચૌધરીના નેતૃત્વમાં બહુ જ ટુંકા ગાળામાં રાજકોટ જિલ્લા પંચાયતે ૧૦૦ ટકા ગ્રામ પંચાયતોમાં ક્યૂ.આર. કોડ આપીને ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ અમલી બનાવવાની સિદ્ધિ હાંસલ કરી છે. આમ જિલ્લાની ૫૮૮ ગ્રામ પંચાયતોમાં નાગરિકો માટે હવે વેરા સહિતની ચૂકવણી ખૂબ સરળ બની છે. ખેડૂતો પોતાના ખેતર કે ઘરે બેઠા વેરો ચૂકવી શકે છે.

મહત્ત્વનું છે કે, યુ.પી.આઈ. મારફત ગ્રામ પંચાયતને લગતા પાણીવેરા, સફાઈવેરા, દીવાબત્તી વેરા, મકાનવેરા, વ્યવસાય વેરા વગેરેનું પેમેન્ટ સરળતાથી કરી શકાય છે. વળી, નાગરિકોને આ વેરા ચૂકવ્યાનો પૂરાવો રેફરન્સ નંબર તરીકે મોબાઇલમાં જ મળી જાય છે. આ ઉપરાંત લોકફાળો કે અન્ય લેણા કે વસૂલાત પણ યુ.પી.આઈ.થી ચૂકવી શકાય છે. નોંધનીય છે કે, યુ.પી.આઈ. (યુનિફાઇડ પેમેન્ટસ ઈન્ટરફેસ)એ ભારતની વિવિધ બેન્કસ દ્વારા બનેલી સંસ્થા નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એન.પી.સી.આઈ.)એ વિકસાવેલી એક વ્યવસ્થા છે,જેને કારણે ભારતની જુદી જુદી બેન્કના ખાતા વચ્ચે ખાતેદારો, ઇન્ટરનેટ ટેકનોલોજીની મદદથી સહેલાઇથી રકમની આપ-લે કરી શકે છે. લોકો પોતાના સ્માર્ટફોનથી સરળતાથી યુ.પી.આઈ. નંબર પર પેમેન્ટ કરી શકે છે.

નખનો આકાર તેમજ નખની ડિઝાઇન વ્યકિતની માનસિકતા અને વ્યકિતત્વ વિશે ઘણુંબધું કહી શકે છે

મનોવૈજ્ઞાનીક ભવનના અધ્યક્ષ પ્રોફેસર યોગેશ જોગસણના માર્ગદર્શનમાં ડો. ડિમ્પલ રામાણી અને દેવધરીયા નિરાલીએ કુલ ૬૦૦ લોકોના વ્યકિતત્વ માપન કરીને તારણો રજૂ કર્યા

ઉભા લાંબા નખ ધરાવતી વ્યકિત

- આ પ્રકારના નખ ધરાવતી વ્યકિતના વ્યકિતત્વ લક્ષણો સર્જનાત્મક, જીણવટપૂર્ણ અને કલ્પના લક્ષી હોય છે.
- સ્વતંત્ર, શાંત અને વ્યવહારિક બનવાનું વલણ ધરાવતા હોય છે.
- તેમનું જમણું મગજ ડાબા મગજ કરતાં વધુ વિકસિત હોય છે.
- સામાન્ય રીતે સરળ સ્વભાવના હોય છે.
- જીવનમાં ઘણા બધા તણાવ અને દબાણનો સામનો કરી શકે છે.
- તેઓ પોતાના કાર્ય પર ગર્વનો અનુભવ કરે છે.
-પોતાના હિતના નિર્ણયો લેવામાં સક્ષમ હોય છે.

મુખ્ય વ્યકિતત્વ લક્ષણો

- સ્વતંત્ર
- આત્મવિશ્વાસુ
- સર્જનાત્મક
- બુદ્ધિશાળી
- સાહસિક

પહોળા નખ ધરાવતી વ્યકિત

- જવાબદારીની તીવ્ર ભાવના ધરાવતા હોય છે.
- લોકો તેમને ઘણીવાર પ્રત્યક્ષ અને ખુલ્લા મનના તરીકે જોશે કારણ કે તેઓનો આત્મવિશ્વાસ મજબૂત હોય છે.
- તેઓ પોતાના મનની વાત કરવામાં ડરતા નથી.
- તેઓ હંમેશા નવા વિચારો સાંભળવા તૈયાર હોય છે.
- તેઓ અન્ય લોકોની લાગણીને સમજવામાં સારા હોય છે.
- તેઓ સંબંધો બાંધવામાં અને બીજાઓને પ્રભાવિત કરવામાં મહાન હોય છે.
- તેઓ સંગઠિત અને કાર્યક્ષમ બનવાનું વલણ ધરાવતા હોય છે.
- તેઓના ભરોસાપાત્ર સ્વભાવને કારણે લોકો તેમને વિશ્વાસપાત્ર ગણી શકે છે.

મુખ્ય વ્યકિતત્વ લક્ષણો

- આશાવાદી
- પ્રભાવશાળી
- વફાદાર
- સમજણ શકિત ધરાવનાર
- દયાળુ

આમ ઘણીબધી બાબત વ્યકિતત્વને નિખારે છે

જેના નખ હંમેશા ટૂંકા રહે છે તેમનામાં ધીરજનો અભાવ હોય છે. તેઓ ખૂબ જ ઝડપથી ઉત્સાહિત થઈ જાય છે અને સંકુચિત મનના હોય છે. નબળા હૃદયના અને બીજાના દોષો શોધતા રહે છે.

ગોળાકાર નખ ધરાવતી

- તેઓ સહેલાઈથી અસ્વસ્થ કે તણાવગ્રસ્ત થઈ જતા નથી.
- તેઓ જીજ્ઞાસુ પણ હોઈ શકે છે.
- તેઓ સતત નવી નવી માહિતી શોધવાનો પ્રયત્ન કરતા રહે છે.
- તેઓ હંમેશા આગળ વધવાના રસ્તાઓ શોધવાના પ્રયત્નો કરે છે.
- તેઓ અન્યની જરૂરિયાતોને પોતાના કરતા પહેલા જુએ છે.
- તેઓ જીવનની યાદો ને વધારે વળગી રહેવાનું પસંદ કરે છે.
- તેઓનો સહાનુભૂતિ પૂર્ણ સ્વભાવ અન્ય લોકોની લાગણીને સમજવાનો પ્રયત્ન કરે છે.
- તેઓ નવી પરિસ્થિતિ સાથે સમાયોજિત કરવામાં સક્ષમ હોય

મુખ્ય વ્યકિતત્વ લક્ષણો

- સહાયક
- શાંત
- સ્થિતિસ્થાપક
- આશાવાદી
- સહાનુભૂતિશીલ
- ઉદાર

ચોરસ નખ ધરાવતી વ્યકિત

- તેઓ જાતે જ પોતાની પસંદગી કરવાનું વલણ ધરાવતા હોય
- મોટાભાગની સમસ્યાઓના ઉકેલો શોધવા માટે સક્ષમ હોય છે.
- તેઓ એકદમ હઠીલા સ્વભાવના હોય છે.
- તેઓ અન્યને કાર્યમાં ખામી જોવાનું વલણ ધરાવે છે, આને સકારાત્મક લક્ષણ તરીકે જોઈ શકાય.
- તેઓ પડકારોનો સામનો કરવા માટે સ્થિતિ સ્થાપક હોય છે.
- જ્યારે મુશ્કેલ પરિસ્થિતિ હોય ત્યારે અન્યને આગળ વધવા માટે પ્રેરણા આપે છે.
- સાહસિક વર્તન ધરાવે છે.

મુખ્ય વ્યકિતત્વ લક્ષણો

- મજબૂત
- સંગઠિત
- મહત્વકાંક્ષી
- પ્રામાણિક
- સાહસિક
- સ્થિતિસ્થાપક



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય) રાજકોટ.તા.૧૯

નખનો આકાર તેમજ નખની ડિઝાઇન વ્યકિતની માનસિકતા અને વ્યકિતત્વ વિશે ઘણુંબધું કહી શકે છે.

ઘણા લોકો એ વાતથી અજાણ હોય છે કે આપણું શરીર પણ એક પ્રકારના ચુંબકીય ક્ષેત્રનો ભાગ હોય છે અને મોટાભાગે લોકો સમજે છે કે માત્ર આપણો ચહેરો આપણા વ્યકિતત્વનો અરીસો છે, પરંતુ તે સત્ય નથી. આપણા શરીરનું દરેક અંગ આપણા વ્યકિતત્વ વિશે કઈક દર્શાવે છે.

શું તમે ક્યારેય વિચાર્યું છે કે નખ નો આકાર આપણા વ્યકિતત્વ પર અસર કરી શકે છે? નખનો આકાર તેમજ નખની ડિઝાઇન વ્યકિતના વ્યકિતત્વ વિશે ઘણુંબધું કહી શકે છે . વ્યકિતના પોતાના વ્યકિતત્વને પણ જાણી શકાય છે. ચાર પ્રકારના નખના આકાર ધરાવતી વ્યકિતના વ્યકિતત્વને ઓળખવામાં આવે છે.

૧. ઉભા લાંબા નખ
૨. પહોળા નખ
૩. ગોળાકાર નખ
૪. ચોરસ નખ

આમ, આ ચાર પ્રકારના નખ નો આકાર ધરાવતી વ્યકિતના વ્યકિતત્વ વિશે મનોવૈજ્ઞાનીક ભવનના અધ્યક્ષ પ્રોફેસર યોગેશ જોગસણના માર્ગદર્શનમાં ડો. ડિમ્પલ રામાણી અને દેવધરીયા નિરાલીએ ઉભા લાંબા નખ ધરાવતા ૧૫૦ લોકો, પહોળા નખ ધરાવતા ૧૫૦ લોકો, ગોળાકાર નખ ધરાવતા ૧૫૦ લોકો અને ચોરસ નખ ધરાવતા ૧૫૦ લોકો આમ કુલ ૬૦૦ લોકોના વ્યકિતત્વ માપન કરીને નીચે મુજબ તારણો રજૂ કર્યા છે.

રેલવેને ખર્ચ ઘટશે અને યાત્રિકોનો મુસાફરીનો સમય બચશે

સૌરાષ્ટ્ર મેલ, દુરંતો સહિત ૧૮ ટ્રેન ઈલેક્ટ્રિક એન્જિનથી દોડવા લાગી

રાજકોટ.તા.૧૯

ઓખાથી અમદાવાદ સુધીની રેલવે લાઈનનું ઈલેક્ટ્રિફિકેશન કામ સંપૂર્ણ પૂરું થઈ ગયા બાદ રાજકોટ આવતી-જતી ૯ જોડી એટલે કે ૧૮ ટ્રેનને ઈલેક્ટ્રિક બૂસ્ટર મળ્યું છે અને તે હવે ઈલેક્ટ્રિક એન્જિન સાથે દોડવા લાગી છે. આ તમામ ટ્રેન હવે ઈલેક્ટ્રિક એન્જિન સાથે દોડવાની હોવાથી અગાઉ ડીઝલની સરખામણીમાં રેલવેને ઈલેક્ટ્રિક એન્જિનથી નાણાંની બચત થશે જ્યારે યાત્રિકોનો સમય બચશે. અગાઉ રાજકોટથી અમદાવાદ સુધી ડીઝલ એન્જિન ટ્રેન દોડાવવામાં આવતી હતી પછી ત્યાંથી એન્જિન બદલી ઈલેક્ટ્રિક એન્જિન સાથે ટ્રેન આગળના રૂટ પર જતી હતી. આ પ્રક્રિયામાં યાત્રિકોનો ૨૦થી ૨૫ મિનિટનો સમય વેડફાતો હતો જેમાંથી હવે મુક્તિ મળી છે. હવે રાજકોટ કે ઓખાથી શરૂ થતી ટ્રેન અહીંથી જ ઈલેક્ટ્રિક એન્જિન સાથે દોડવા લાગી છે. ડબલ ટ્રેક અને ઈલેક્ટ્રિફિકેશન કામગીરી પૂર્ણ થવાથી હવે ક્રોસિંગમાં પણ સમય વેડફાશે નહીં. અત્યાર સુધી એક જ ટ્રેક ઉપર સૌથી વધુ ભારણ રહેતું હતું તેના બદલે હવે ડબલ ટ્રેક થઈ જવાથી ટ્રેક ઉપરનું ભારણ પણ ઘટશે. રેલવે અને યાત્રિકોને ટ્રેકના ક્રોસિંગમાં જે સમય વેડફાતો હતો તેમાં પણ ઘણેખરે અંશે રાહત મળશે. રાજકોટ ડિવિઝનમાં ૭૦થી વધુ ટ્રેન રાજકોટ-સુરેન્દ્રનગર રૂટ થઈને દોડી રહી છે હવે ડબલ ટ્રેક થવાથી યાત્રિકોના સમય બચવાની સાથે ટ્રેન પણ સમયસર દોડાવી શકાશે. રેલવેને ડીઝલની સરખામણીએ ઈલેક્ટ્રિફિકેશનથી દોડતી ટ્રેન ૭૦% સસ્તી પડશે. રાજકોટથી અમદાવાદ જતા યાત્રિકોને ૩૦થી ૪૫ મિનિટ બચશે, સૌથી મોટો ફાયદો એ થશે કે ઈલેક્ટ્રિફિકેશન થયા બાદ હવા અને અવાજનું પ્રદૂષણ પણ ઘટી જશે.

૯ જોડી ટ્રેન ઈલેક્ટ્રિક એન્જિનથી દોડવા લાગી

- ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ
- ઓખા-ભાવનગર એક્સપ્રેસ
- હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો
- જામનગર-બાંદ્રા હમસફર
- વડોદરા-જામનગર ઈન્ટરસિટી
- ઓખા-ગોરખપુર એક્સપ્રેસ
- ઓખા-પુરી એક્સપ્રેસ
- હાપા-કટરા એક્સપ્રેસ
- જામનગર- કટરા એક્સપ્રેસ

મૃત બાળકના જન્મના ૨૪ કલાકમાં જ જનેતાએ પણ આંખો મીંચી

કાલાવડ રોડ પર આવેલા ન્યારી ડેમ નજીક એપાર્ટમેન્ટમાં રહેતા નેપાળી પરિણીતાને પ્રસૂતાની પીડા ઉપડતા તેણીને સારવાર માટે સિવિલ હોસ્પિટલના ઝનાના વોર્ડમાં ખસેડાઇ હતી.ત્યાં તેણીએ મૃત બાળકને જન્મ આપ્યા બાદ પોતે પણ થોડી જ કલાકોમાં આંખો મીંચી લીધી હતી.પુત્ર બાદ માતાનું પણ મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. વધુ વિગતો મુજબ,ન્યારી ડેમ નજીક એપાર્ટમેન્ટમાં રહેતા જુનાબેન લલિતભાઈ થાપા (ઉ.વ.૧૯)ને ગઈ તા.૧૫/૭ના રોજ રાત્રીના સમયે પ્રસુતિની પીડા ઉપડતા જ તેઓને તુરંત સિવિલ હોસ્પિટલમાં ઝનાના વોર્ડમાં ખસેડવામાં આવી હતી.ત્યાં તેણીએ મૃત બાળકને જન્મ આપ્યો હતો.ત્યારબાદ ગઇકાલે રાત્રે તેણીની તબિયત લથડતા તેમનું પણ બેભાનહાલતમાં મોત નીપજ્યું હતું.તેમના મૃત્યુનું કારણ જાણવા પોલીસે ફોરેન્સીક પેનલ દ્વારા પોસ્ટમોર્ટમ કરાવાયું છે. જુનાબેનના લગ્નને એક વર્ષ થયું હતું.તેમના પતિ હોટેલમાં નોકરી કરતા હતા.બાળકના મોત બાદ માતાએ પણ અંતિમ શ્વાસ લેતા પરિવારમાં શોક છવાયો છે.

ક્રાઈમ કોર્નર

ઈમિટેશનનું કામ કરતો શખ્સ દારૂની ૫૦ બોટલ સાથે ઝડપાયો

જૂના મોરબી રોડ પર આવેલી શ્રીપાર્ક સોસાયટીમાં એક શખ્સ વિદેશી દારૂ સાથે ઊભો હોવાની માહિતીના આધારે પોલીસ તુરંત ત્યાં દોડી ગઇ હતી. દરોડા દરમિયાન નંબર વગરના વાહન સાથે ઊભેલા શખ્સને પકડી પાડ્યો હતો. પૂછપરછ કરતા તે આ જ વિસ્તારમાં રહેતો અને ઈમિટેશનનું કામ કરતો સુનીલ ગણપત જાદવ હોવાનું જણાવ્યું હતું. જ્યારે સ્કૂટરના આગળના ભાગે રહેલા થેલાની તલાશી લેતા અંદરથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની કુલ ૫૦ બોટલ મળી આવી હતી. સ્કૂટર, દારૂ કબજે કરી સુનીલ જાદવની પૂછપરછ હાથ ધરી છે.

જુગારના ૪ દરોડા, ૪ મહિલા સહિત ૧૮ પકડાયા

જુગારનો પ્રથમ દરોડો નાનામવા રોડ, દેવનગર-૩માં અજય હરેશ પરમારના મકાનમાં પાડ્યો હતો. અહીંથી અજય સહિત ધવલ ભવાન પરમાર, વિનોદ છગન મકવાણા, રવિ ભવાન પરમાર, પ્રકાશ ટપુ પરમાર, શૈલેષ કિશોર રાઠોડને રૂ.૧૫,૭૫૦ની રોકડ સાથે, રેલનગર, શ્રી રેસિડેન્સીમાં જિતેન્દ્ર જીતુ મુકેશ કડવાતરના ફ્લેટમાંથી જિતેન્દ્ર ઉર્ફે જીતુ ઉપરાંત અરૂણ રસિક નિમાવત, મનિષા રવિ કડવાતર, હિરા ભરત વ્યાસ, અરૂણા દીપક રાઠોડ, જશુ રાજેન્દ્ર કુબાવતને રૂ.૧૦,૧૪૦ની રોકડ સાથે પકડી પાડી કાર્યવાહી કરી છે. જ્યારે રૈયા રોડ પર આવેલા આરએમસી ક્વાર્ટરમાં રહેતા યશપાલસિંહ નારૂભા ઝાલાના ફ્લેટમાંથી યશપાલસિંહ તેમજ ગોપાલગીરી ગોવિંદગીરી ગોસ્વામી, જાકીરશા અનવરશા શાહમદારને રૂ.૧૨,૮૬૦ની રોકડ તેમજ ૩ મોબાઈલ મળી રૂ.૩૮,૩૬૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાર્યવાહી કરી છે. જ્યારે રાજકોટ રેલવે સ્ટેશન પાસેથી ગાયકવાડીના દિલીપસિંહ ઝલુભા સોલંકીને ઓનલાઇન વરલી ફીચરના આંકડા પર જુગાર રમાડતા પોલીસે રોકડ, મોબાઈલ મળી રૂ.૫૨૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઇ કાર્યવાહી કરી છે.

એકટીવા સાથે ઢળી પડેલ વૃધ્ધનું મોત

રાજકોટ શહેર મામલતદાર અને જીલ્લા પુરવઠા અધિકારી તરીકે ફરજ બજાવી નિવૃત થયેલા અવચરભાઈ રતાભાઈ ભોજાણી (ઉ.વ.૬૯) બપોરે કોઈ જૂના કેસમાં જુબાની આપવા માટે સિવીલ કોર્ટમાં હાજર થયા હતા. જુબાનીની પ્રક્રિયા બાદ તેઓ ઘરે પરત જવા પોતાનુ એકટીવા જયાં કોર્ટનાં પાર્કીંગમાં પાર્ક કર્યુ હતું ત્યાં પહોંચ્યા હતા. એકટીવા પર બેસી બાઈક થોડુ જ આગળ ચલાવ્યુ ત્યાંજ અચાનક તેઓ એકટીવા સાથે ઢળી પડયા હતા. આસપાસ હાજર એડવોકેટ તુરંત જ દોડી ગયા હતા અને ૧૦૮ને જાણ કરી હતી અને તેઓને એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા જયાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. અવચરભાઈ ભોજાણી અગાઉ માળીયા ખાતે પણ મામલતદાર તરીકે ફરજ બજાવી ચૂકયા છે.

ટ્રેકટર પલ્ટી મારી જતાં ટ્રેકટર ચાલકનું મોત નીપજ્યું

રાજકોટ નજીક કુવાડવા પાસે હડમતીયા બેડી ગામે વાડી વિસ્તારમાં સવારે એક ટ્રેકટર પલ્ટી મારી જતાં ટ્રેકટર ચાલકનું મોત નીપજ્યું છે. બનાવની જાણ થતાં કુવાડવા પોલીસ પહોંચી મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી કરી હતી. મૃતક યુવાન વાડીમાં રાજકોટથી મજુરી કામે આવ્યો હતો અને તેનું નામ આશિષ પરમાર હોવાનું સામે આવ્યું છે. જો કે યુવકના વાલીવારસ અંગે જાણ ન થતા પોલીસે વાલીવારસને શોધવા વધુ તપાસ હાથ ધરી છે.

૨૨ હજારનો મુદામાલ ગાયબ

રાજકોટના ૪૦ ફટ રોડ પર સુકુન પેલેસ બીલ્ડીંગમાં નીચે ઓરડીમાં રહેતાં સુરજ માનસીંગ સાઉદ (ઉ.વ.૩૫) એ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ત્રણ વર્ષથી તેની પત્ની સાથે સુકુન પેલેસમાં રહે છે અને તેમાં જ પાણી ચડાવવાનું તેમજ સાફ સફાઇ કરવાનું કામ કરે છે. તેમજ મવડી પાસે આવેલ ગણેશ ફુડઝોન નામની હોટલમાં વેઇટરનું કામ કરે છે. ગઇકાલે તેઓ ગાડીઓ સાફ કરવાં માટે બાજુની બિલ્ડીંગમાં ગયેલ હતાં તેમજ તેની પત્ની કામ કરવા માટે બાજુની બિલ્ડીંગમાં ગયેલ હતી. બાદમાં તેઓ ઘરે આવેલ ત્યારે ઘરના દરવાજાનો તાળું તુટેલ જોવામાં આવેલ જેથી અંદર જોતા ઘરનો સામાન વેર વીખેર હાલતમા પડેલ હતો. અંદર રાખેલ કબાટના દરવાજાનો લોક તુટેલ હતુ. દંપતીએ તેમાં રાખેલા રોકડા આઠ હજાર તેમજ સોનાનું પેન્ડલ રૂ.૧૪ હજાર મળી કુલ રૂ.૨૨ હજારનો મુદામાલ ગાયબ હતો. જે કોઈ અજાણ્યો શખ્સ ઘરમાં ઘુસી ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસ સ્ટાફે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી છે.

માવતરે ફીનાઈલ પી જતા સિવિલમાં દાખલ

રાજકોટ શહેરના મવડી વિસ્તારમાં બાપા સીતારામ ચોકમાં રહેતા પુજાબેન કીરણભાઈ બારોટ (ઉ.વ.૨૬)એ ગઈકાલે સાંજે પોપટપરા શેરી નં-૨માં પોતાના માવતરે ફીનાઈલ પી જતા સારવારમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. બનાવની જાણ થતા પ્રદ્યુમન નગર પોલીસની ટીમ દોડી ગઈ હતી. પોલીસની પ્રાથમિક પુછપરછમાં જાણવા મળેલ કે, પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા પુજાબેને ફીનાઈલ પીધુ હતું. સારવાર બાદ તબિયત સ્વસ્થ જણાતા પુજાબેનને રજા આપી દેવાઈ હતી.

શાપરમાંથી નામીચો તસ્કર ઝબ્બે : ૨૮ મોબાઈલ કબજે

રાજકોટ : રાજકોટ જીલ્લાના શાપર વેરાવળમાં છેલ્લા કેટલાક સમયથી શ્રમીકોની ઓરડીમાંથી મોબાઇલ ફોન સહીતની ચોરીઓ થતી હોવાના બનાવો વધતા પોલીસે પેટ્રોલીંગ વધાર્યુ હોય મરછી માર્કેટ પાસેથી શંકાસ્પદ શખસને ઉઠાવી લઈ તપાસ કરતા તેની પાસેથી ૨૮ મોબાઈલ ફોન મળી આવતા પોલીસે તપાસ કરતા તે અગાઉ રાજકોટ,કેશોદ,વેરાવળ સહીતના શહેરોમાં પોલીસ ચોપડે ચડી ચુકયો હોવાનુ બહાર આવતા પોલીસે વધુ ચોરીના ભેદ ઉકેલવા રિમાંડની માંગણી સાથે કોર્ટ હવાલે કરવાની કાર્યવાહી કરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ શાપર વેરાવળમાં મરછી માર્કેટ પાસે સસ્તા ભાવે કોઈ શખ્સ મોબાઈલ વેચવા આવ્યો હોવાની માહીતીને આધારે પીએસઆઈ આર.વી.ગોહીલ સહીતના સ્ટાફે પહોચી શંકાસ્પદ શખસને અટકાવી પુછતાછ કરતા તે કેશોદના મેસવાણગામે રહેતો વિક્રમ મનુભાઈ મકકા હોવાનુ જણાવતા પોલીસે તેની તલાસી લેતા તેની પાસેથી રૂ.એક લાખની કિંમતના ૨૮ મોબાઈલ મળી આવતા તેની ધરપકડ કરી આ મોબાઈલ કયા કયા થી ચોરી કર્યા સહીતની પુછતાછ કરી વધુ ચોરીના ભેદ ઉકેલવા મથામણ કરી છે.

મહિલા કોન્સ્ટેબલની ફરજમાં ક્ષ્ક્ષાવટ

રાજકોટમાં રહેતા અને થોરાળા પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા શિતલબેન નાનુભાઈ મકવાણાએ મધુબેન નામની મહિલા સામે ફરજમાં ક્ષ્ક્ષાવટ કરવા અંગે થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈકાલે તારીખ ૧૭ના રોજ સવારે પીજીવીસીએલ ચેકિંગ સ્ટાફ સાથે હું બંદોબસ્તમાં હતી ત્યારે સાડા સાતેક વાગ્યે મનહરપરા શેરી નંબર ૪ના ખૂણે એક તબેલા પાસે શંકાસ્પદ રીક્ષામાં ચાર-પાંચ શખ્સો ખાખી બોક્સની હેરાફેરી કરતા હોય દારૂ હોવાની શંકાએ રીક્ષા પાસે જતા મધુબેન નામની મહિલા વચ્ચે આવી હતી અને તમે જે કામ કરવા આવ્યા છે તે કામ કરો કહી ગાળો ભાંડી મને અટકાવી હતી ત્યારે જ રીક્ષાચાલક રીક્ષા લઈને ભાગી ગયો હતો વધારાનો સ્ટાફ બોલાવ્યો હતો ત્યારે ટોળું એકઠું થઈ જતા પોલીસ આવે તે પૂર્વે જ આ મહિલા ત્યાંથી ભાગી ગઈ હતી મારી પીજીવીસીએલની ફરજ પૂર્ણ કરી ફરિયાદ નોંધાવતા એએસઆઈ પી એન ત્રિવેદીએ જરૂરી કાર્યવાહી કરી હતી.

તારાથી પેસેન્જર ભરાય કેમ,' કહી ચાલક પર ખૂની હુમલો

રૈયાધારના બે ભાઇ છરી-પાઇપ લઇ તૂટી પડ્યા બંને ભાઇ સામે હત્યાની કોશિશનો ગુનો નોંધાયો

રાજકોટ.તા.૧૯

શહેરના જામનગર રોડ, માધાપર ચોકડી પાસે મુસાફર ભરવાના મુદ્દે રૈયાધાર પાણીના ટાંકા પાસે રહેતા ઝાલા ઉર્ફે બાબુ નવઘણ ભોરખિયા નામના રિક્ષાચાલક પર રૈયાધારના જ ગોપાલ ઉર્ફે ગેલો જહા જોગરાણા અને તેના ભાઇ રામાએ છરી, પાઇપથી ખૂની હુમલો કરતા ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો છે. ઇજાગ્રસ્ત યુવાનની ફરિયાદ મુજબ, સોમવારે સાંજે તે માધાપર ચોકડી પાસે ભાડા કરવા માટે રિક્ષા લાઇનમાં ઊભી રાખી હતી. આ સમયે પોતાનો વારો આવતા પોતે મુસાફર બેસાડતો હતો. તે સમયે ઉપરોક્ત બંને આરોપી પોતાની પાસે ધસી આવી તારાથી પેસેન્જર ભરાય કેમ કહી ઝઘડો કરી ગાળો દેવા લાગ્યો હતો. મુસાફરની સામે ગાળો બોલવાની ના પાડી અને મારો વારો આવ્યો છે એટલે મુસાફર બેસાડું છું તેમ કહેતા બંને ઉશ્કેરાય ગયા હતા અને બંને તેમની રિક્ષામાંથી છરી, પાઇપ લઇ ધસી આવી આડેધડ ઘા ઝીંકવા લાગ્યા હતા. જેને કારણે અન્ય રિક્ષાચાલકોએ પોતાને છોડાવ્યો હતો. બંને શખ્સ જતા જતા આજે તો તું જીવતો રહી ગયો છો, બીજી વખત મળીશ તો જાનથી મારી નાખીશની ધમકી આપી નાસી ગયા હતા. હુમલામાં પોતાને ગંભીર ઇજા થઇ હોય રિક્ષામાં બેસાડી હોસ્પિટલ લઇ ગયા હતા. ગાંધીગ્રામ પોલીસે બંને શખ્સ સામે હત્યાની કોશિશનો ગુનો નોંધી ધરપકડની તજવીજ હાથ ધરી છે.

તમારે લાઈટબીલ ભરવાનું બાકી છે કહી ઓટીપી મંગાવી ગોંડલના વેપારી સાથે ૫૬ હજારની છેતરપીંડી

યાર્ડમાં પેઢી ધરાવતાં વેપારીએ બિલ ભરવા બે વાર પ્રયત્ન કરવા છતાં નિષ્ફળ જતાં તેનો ફાયદો સાયબર માફિયાએ ઉઠાવ્યો: સાયબર કાઇમમાં ગુનો નોંધાયો

રાજકોટ,તા.૧૯

ગોંડલમાં માર્કેટિંગ યાર્ડમાં પેઢી ધરાવતા વેપારી સાથે લાઈટ બિલ ભરવા મામલે ઓટીપી મંગાવી સાયબર માફિયાએ રૂ.૫૬ હજારની છેતરપીંડી કર્યાની ફરિયાદ સાયબર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ગોંડલના ગણેશનગરમાં રહેતાં મથુરભાઈ ગોરધનભાઇ વરસાણીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું કે, તેઓને ગોંડલ-રાજકોટ હાઇવે રોડ પર આવેલ માર્કેટીંગ યાર્ડમાં શોપ નં. બી-૫ માં બજરંગ એન્ટરપ્રાઇઝ નામે પેઢીમાં વેપાર કરે છે. તેમને ગોંડલ એચ.ડી.એફ.સી. બેન્કમાં એકાઉન્ટ ધરાવે છે.

જે ખાતા મારફતે તેઓ ઓનલાઇન બીલ ચુકવવા માટે

ઉપયોગ કરતાં હતાં.તેઓને તેના વતન પાટીદડ ગામની સીમમાં ખેતીની જમીન આવેલ છે. જેનું છેલ્લું ઇલેક્ટ્રીસીટી બીલ ભરવાનુ બાકી હતુ, જે માટે જી.ઇ.બી.ના બીલ કલેકશન કરનાર કર્મચારીનો ફોન આવેલ અને કહેલ કે, તમારી વાડીના ઇલેક્ટ્રીસીટી કનેકશનનુ ગત માસનુ બીલ ભરવાનુ બાકી છે, આજે છેલ્લો દિવસ છે. બીલ ભરી દેવા માટે કહ્યું હતું. જે અંગે ઇલેક્ટ્રીસીટી બીલના નાણા ઓનલાઇન ભરી આપીશ ફરિયાદીએ કહેલ હતું. બીજા દિવસે એપ્લીકેશન મારફતે આ ઇલેક્ટ્રીસીટી બીલ ભરવા પ્રયત્ન કરેલ પણ એરર આવતાં બિલ ભરાયેલ નહીં.

બાદમાં તા.૦૩/૦૧/૨૦૨૩ ના રોજ તેઓને ફોન આવેલ અને હિન્દી ભાષામાં વાત કરતાં શખ્સે પોતાની ઓળખાણ ગોંડલ જી.ઇ.બી.ના કર્મચારી તરીકે આપી ઇલેક્ટ્રીસીટી બીલ ભરવાનુ બાકી છે તે બીલ ઓનલાઇન ભરવા માટે જણાવેલ, જેથી તેમને ઓનલાઇન એરર આવતી હોવાની વાત કરતાં શખ્સે કહેલ કે, તમારા મોબાઇલમાં એક ઓટીપી આવશે તે મને આપો એટલે તમારૂ ઇલેક્ટ્રીસીટી બીલ ભરાઇ જશે કહીં વિશ્વાસમાં લઇ ઓનલાઇન પેમેન્ટમા એરર આવે છે કહી છ વખત તેમની પાસેથી ચાલુ ફોનમાં ઓટીપી મેળવી લીધેલ હતાં. બાદમાં બેંકના મેસેજ આવેલ જેમાં તેઓના ખાતામાંથી પ્રથમ રૂ.૫ હજાર બીજી વાર રૂ.૧૯૯૯૯ ત્રીજીવાર રૂ.૨૦ હજાર, ચોથીવાર રૂ.૫ હજાર, પાંચમીવર રૂ.૫ હજાર અને છેલ્લે રૂ. એક હજારના ટ્રાન્જેકશન મળી કુલ રૂ. ૫૫,૯૯૯ ખાતામાંથી કપાયેલ હોવાનુ જણાયું હતું. જે અંગે અજાણ્યાં શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી.

એકલા સ્ટેટ મોનિટરિંગ સેલે જ છ મહિનાની અંદર રાજકોટ સહિત આખા ગુજરાતમાં સપાટો બોલાવી દીધો

ગુજરાતમાં છ મહિનામાં જ ૯.૩૧ કરોડનો દારૂ પકડાયો !!

ગત વર્ષની તુલનાએ આ વર્ષે છ મહિનાની અંદર જ બમણો દારૂ પકડાયો: ચાલુ વર્ષે કુલ ૧૮,૧૨,૧૬,૭૨૦નો મુદ્દામાલ કબજે: ૧૩૧ બૂટલેગર ઝબ્બે

રાજકોટ, તા.૧૯

રાજકોટ સહિત આખા ગુજરાતમાં સ્ટેટ મોનિટરિંગ સેલે સપાટો બોલાવી દીધો હોય તેવી રીતે છ મહિનાની અંદર અલગ-અલગ શહેર-જિલ્લાઓમાંથી ૯.૩૧ કરોડ રૂપિયાનો દારૂ કબજે કર્યો છે. આશ્ચર્યની વાત એ છે કે ગત ૨૦૨૨ના એક વર્ષમાં સ્ટેટ મોનિટરિંગ સેલે કુલ ૪.૮૦ કરોડનો દારૂ પકડ્યો હતો જેની તુલનાએ આ વર્ષના છ મહિનામાં જ તેટલો નહીં પરંતુ તેના કરતાં બમણો દારૂ પકડાઈ ગયો છે.

સ્ટેટ મોનિટરિંગ સેલની અલગ-અલગ ટીમ દ્વારા જાન્યુઆરી મહિનામાં ૧.૫૧ કરોડના દારૂ સહિત કુલ ૨.૨૬ કરોડનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આવી જ રીતે ફેબ્રુઆરીમાં કુલ ૧.૫૭ કરોડનો દારૂ સહિત ૩.૨૯ કરોડનો મુદ્દામાલ, માર્ચ મહિનામાં ૧.૦૯ કરોડના દારૂ સહિત ૨.૬૭ કરોડનો મુદ્દામાલ, એપ્રિલ મહિનામાં ૬૫.૨૬ લાખના દારૂ સહિત ૧.૪૧ કરોડનો મુદ્દામાલ, મે મહિનામાં ૨.૨૧ કરોડના દારૂ સહિત ૩.૯૭ કરોડનો મુદ્દામાલ અને જૂન મહિનામાં ૨.૨૬ કરોડના દારૂ સહિત ૪.૧૨ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ રીતે છ મહિનાની અંદર ૯,૩૧,૫૪,૮૬૨ રૂપિયાનો દારૂ પકડાયો છે તો કુલ ૧૮,૧૨,૧૬,૭૨૦ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલે ૨૦૨૩ના વર્ષમાં કુલ ૧૭૮ પ્રોહિબિશન કેસ કરીને ૧૩૧ બૂટલેગરોને સાણસામાં લીધા છે.

દારૂ ઉપરાંત જુગાર પર બોલાવવામાં આવેલી ઘોંસની વાત કરવામાં આવે તો સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા છ મહિનાની અંદર ૪૪,૨૭,૪૧૭ રૂપિયાની રોકડ જુગાર ફિલ્ડમાંથી કબજે કરવામાં આવી છે. ગત વર્ષે આ રકમ ૨૨,૫૦,૬૦૫ હતી જેમાં આ વર્ષના છ મહિનામાં બમણો વધારો થયો છે. આ સાથે જ છ મહિનાની અંદર સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ૨,૧૯,૯૬,૫૮૭ રૂપિયાનો મુદ્દામાલ પણ કબજે કર્યો છે.છ મહિના દરમિયાન જુગાર દરોડા અંગે વાત કરીએ તો જાન્યુઆરી મહિનામાં ૨૨ કેસ કરી ૫.૯૫ લાખની રોકડ સાથે ૩૫.૦૯ લાખનો મુદ્દામાલ, ફેબ્રુઆરીમાં ૨૧ કેસ કરી ૭.૨૭ લાખની રોકડ સહિત ૩૮.૩૩ લાખનો મુદ્દામાલ, માર્ચમાં ૧૩ કેસ કરી ૧૮.૨૩ લાખની રોકડ સહિત ૬૪.૫૮ લા

તસવીરઃ દિલીપ ગોહેલ

રાજકોટ મહાનગર પાલિકાની જનરલ બોર્ડની બેઠકમાં

નવી ૪ ટીપી સ્કીમને અપાઈ મંજુરી ૬ ટીપી સ્કીમનું સરકાર પાસે મંગાયું માર્ગદર્શન

ટીપી સ્કીમ ૨૬-૨૭ (વાવડી) અને ૩૦-૩૧ (કોઠારીયા) મંજુર કરાઈઃ ૩૭-૪૦(રાજકોટ), ૨૯-૩૦(મવડી), ૪૯(રૈયા) અને ૫૦(કોઠારિયા) એમ ૬ ટીપી સ્કીમ અંગે સરકારનું મંગાયું માર્ગદર્શન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય રાજકોટ)
રાજકોટ, તા. ૧૯

રાજકોટ મહાનગર પાલિકાની આજે જનરલ બોર્ડની બેઠક મેયર ડો. પ્રદીપ ડવના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં નવી ૪ ટીપી સ્કીમ ૨૬-૨૭ (વાવડી) અને ૩૦-૩૧ (કોઠારીયા) મંજુર કરાઈ હતી. જ્યારે ૩૭-૪૦(રાજકોટ), ૨૯-૩૦(મવડી), ૪૯(રૈયા) અને ૫૦(કોઠારિયા) એમ ૬ ટીપી સ્કીમ અંગે સરકારનું માર્ગદર્શન મેળવવા જરૂરી કાગળો સરકારને પહોચાડાયા હોવાનું જણાવાયું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ આજે રાજકોટ મહાનગર પાલિકાની જનરલ બોર્ડની બેઠક રાજકોટ મ્યુનિસપલ કોર્પોરેશનમાં બીજા માળે આવેલી શ્રી રમેશ છાયા સભાગૃહમાં યોજાઈ હતી. પ્રારંભિક તબક્કે બેઠક તોફાની બની રહેવાની સંભાવના જણાતી હતી. પણ શાંતિરૂપ બેઠક પૂર્ણ થઇ હતી.

મેયર ડો. પ્રદીપ ડવના અધ્યક્ષ સ્થાને જનરલ બોર્ડની બેઠકમાં શહેરમાં ૪ નવી ટીપી સ્કીમને મંજુરી અપાઈ હતી. જેમાં ૨૬-૨૭ (વાવડી) અને ૩૦-૩૧ (કોઠારીયા)નો સમાવેશ થાય છે.

જ્યારે ૩૭-૪૦(રાજકોટ), ૨૯-૩૦(મવડી), ૪૯(રૈયા) અને ૫૦(કોઠારિયા) એમ ૬ ટીપી સ્કીમ અંગે સરકારનું માર્ગદર્શન મંગાયું છે.

પ્રજાના પ્રશ્નોમાં કોઈ રસ જ ન હોય તેમ મોબાઈલ વ્યસ્ત કોર્પોરેટરો...



રાજકોટ મનપામાં આજે મળેલી જનરલ બોર્ડમાં ભાજપના જ કેટલાક કોર્પોરેટરોને જાણે પ્રજાના પ્રશ્નોમાં કોઈ રસ જ ન હોય તેમ મોબાઈલમાં વ્યસ્ત નજરે પડ્યા હતા. તાજેતરમાં જ આવી ઘટના બની હતી. ત્યારબાદ મેયર દ્વારા મોબાઈલ ન વાપરવા પર સુચનાં આપવામાં હતી. તેમ છતાં આ સુચનાને આજે ઘોળી પીનારા વધારે ત્રણ કોર્પોરેટરો મોબાઈલમાં વ્યસ્ત હોય તેવા દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા. જેમાં કોઈ ઈન્સ્ટાગ્રામ પર તો કોઈ વોટ્સએપ અને મોબાઈલ ફોન પર વાત કરવામાં વ્યસ્ત હતા.! આ અંગે મીડિયા દ્વારા પૂછવામાં આવતા બધાએ પોતાના વિસ્તારની સમસ્યાઓના જવાબ આપતા હોવાનો લૂલો બચાવ કર્યો હતો. વોર્ડ નંબર ૧ના હિરેન ખીમાણીયા મોબાઈલમાં વ્યસ્ત હતા. પોતે પ્રજાના પ્રશ્નોનાં જવાબ આપતા હોવાનો લૂલો બચાવ કર્યો હતો. જો કે, જનરલ બોર્ડમાં જ બધા કોર્પોરેટરોને પ્રજાના પ્રશ્નો માટે મેસેજ કેમ આવે છે? તેને લઈને લોકોમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે.રાજકોટ મનપાનાં ચાલુ બોર્ડ દરમિયાન મોબાઈલમાં વ્યસ્ત કોર્પોરેટરો અંગે મેયર ડો. પ્રદીપ ડવે નિવેદન આપતા જણાવ્યું હતું કે, અગાઉ સૂચના આપ્યા છતાં આજે કોર્પોરેટરો મોબાઈલમાં વ્યસ્ત હોવાનું સામે આવ્યું છે. ત્યારે આ તમામે ખુલાસો પૂછવામાં આવશે. જનરલ બોર્ડમાં એક કલાક પ્રજાના પ્રશ્નો માટે જ હોવી જોઈએ.વધુમાં જણાવ્યું હતું કે, ચાલુ બોર્ડમાં મોબાઈલનો ઉપયોગ ન કરવો જોઈએ. આગામી સમયમાં ફરીથી દરેકને સૂચના આપવામાં આવશે કે, એક કલાક મોબાઈલનો ઉપયોગ કરવાનું ટાળવું. હું પોતે પણ આ એક કલાક મોબાઈલનો ઉપયોગ કરતો નથી. આ બાબતનો ગંભીરતાથી અમલ કરવાની ખાતરી તેમણે આપી હતી.

ભારે વરસાદના કારણે પરિવહન સેવા થઇ પ્રભાવિત

એસટી બસની અંદાજે ૨૬૪ ટ્રીપ રદ, ડ્રાયવર-કંડકટરને અપાઇ ખાસ સૂચના

સૌથી વધુ જૂનાગઢની અંદાજે ૩૫ બસોની ૨૫૦ ટ્રીપ રદ

રાજકોટ.તા.૧૯

ગુજરાતમાં સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારોમાં જાણે આભ ફાટ્યુ છે. અનેક વિસ્તારો જળ મગ્ન થઇ ગયા છે. નાના મોટા અનેક માર્ગો જળ મગ્ન થઇ ગયા છે. ત્યારે ભારે વરસાદના કારણે પરિવહન સેવા પ્રભાવિત થઇ છે. ભારે વરસાદના પગલે મુસાફરો મુઝેલીમાં ન મુકાય તે માટે એસટી બસની અંદાજે ૨૬૪ ટ્રીપ રદ કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારોને જોડતી બસોની ટ્રીપ રદ કરી દેવામાં આવી છે. ગુજરાતમાં સૌથી વધુ વરસાદ સૌરાષ્ટ્રમાં અલગ અલગ જિલ્લામાં પડી રહ્યો છે. સૌથી વધુ ગીર સોમનાથ જિલ્લામાં જાણે આભ ફાટ્યુ છે. માંગરોળ, માળિયા હાટિના સહિતના વિસ્તારોમાં ૨૨ ઇંચ જેટલો વરસાદ પડતા જન જીવન અસ્ત વ્યસ્ત થઇ ગયુ છે. કેટલાક વિસ્તારો તો જાણે બેટમાં ફેરવાઇ ગયા છે. વેરાવળ-કોડીનાર હાઇવે વરસાદી પાણી ભરાતા બંધ કરવાની ફરજ પડી છે. અન્ય કેટલાક માર્ગો પર પણ પાણી ભરાયા છે. જેના પગલે ગુજરાત **ST** વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે.

એસટી બસની સૌરાષ્ટ્ર તરફની કેટલીક ટ્રીપ રદ કરવાનો નિર્ણય લીધો છે. ભારે વરસાદના કારણે ખાસ કરીને સૌરાષ્ટ્રના વિવિધ સ્ટની પરિવહન સેવા પ્રભાવિત થઇ છે. સુત્રાપાડા , તાલાળા , માળિયા હાટીના , માંગરોળ, કેશોદ, ધોરાજી તરફ જતી એસટી બસ સેવા પ્રભાવિત થઇ છે. એસટી વિભાગે બસની અંદાજે ૨૬૪ ટ્રીપ રદ કરી છે. સૌરાષ્ટ્રમાં અત્યારે વરસાદના કારણે હાલ બેહાલ છે. અમરેલીની ૧૦ અને જામનગર, દ્વારકા અને સોમનાથની ૨ ટ્રીપ રદ કરવામાં આવી છે. જો કે જરૂર જણાય ત્યાં વધુ બસ સેવા બંધ અને શરૂ કરવામાં આવી શકે છે. વરસાદી વાતાવરણ છે તેવા વિસ્તારોમાં બસ ચલાવતા ડ્રાયવર-કંડક્ટર અને ડેપો મેનેજરને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. કોઝ વે કે પાણી ભરાયા હોય તેવા જોખમી સ્થળ પર બસ નહીં લઈ જવા સૂચના આપવામાં આવી છે. તેમજ અમદાવાદના કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ પરથી GPS અને જીઓ ફેન્સથી બસ પર સતત નજર રાખવામાં આવી રહી છે. જો કે માંગરોળ અને વેરાવળમાં વરસાદના પગલે ST ડેપો પર વીજળી ડુલ થઇ ગઇ છે. વીજળી ન હોવાથી કંટ્રોલ રૂમ સાથેનું CCTV કનેક્શન ખોરવાઇ ગયા છે. જોકે મોબાઈલ મારફતે કર્મચારી સતત સંપર્કમાં છે.

રાજકોટમાં મેઘાવી માહોલ

રાજકોટ : રાજકોટ જીલ્લામાં મેઘરાજા બઘડાટી બોલાવી રહ્યા છે. અનેક જગ્યાએ વરસાદનો આંકડો ડબલ ડીજીટમાં જોવા મળ્યો છે. ચોમેર પાણી - પાણી કરી દીધુ છે. નદી નાળા છલકાઈ ગયા છે. ચેકડેમો ભરાઈ ગયા છે. ત્યારે રાજકોટ શહેરમાં વરસાદી વાતાવરણ જોવા મળે છે. દરમિયાન રાજકોટમાં ગઈસાંજથી વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. ઘનઘોર વાદળો છવાઈ ગયા હતા. જોરદાર વરસી પડે તેવું વાતાવરણ સર્જાઈ ગયુ હતું. પરંતુ સાંજથી મોડી રાત સુધી ઝરમર વરસ્યો હતો. આજે સવારથી જ વરસાદી માહોલ છવાયો છે. આખો દિવસ મેઘાવી વાતાવરણ જોવા મળે તેવી પૂરી શકયતા છે. શહેરમાં ગઈકાલથી આજે સવાર સુધીમાં ૨.૭ મી.મી. પાણી પડયુ છે. હવામાન ખાતામાં મોસમનો કુલ ૪૦૫.૨ મી.મી. (૧૬ ઈંચ) નોંધાઈ ગયો છે.

વરસાદી માહોલમાં મચ્છરજન્ય રોગચાળાના કેસમાં વધારો

ખાનગી હોસ્પિટલોમાં રોગચાળાના કેસમાં વધારો : તાવ સહિતના વાયરલ ઈન્ફેક્શનના નવા કેસો વધ્યા

રાજકોટ.તા.૧૯

ખાનગી હોસ્પિટલોમાં પણ મચ્છરજન્ય રોગચાળાના કેસનું પ્રમાણ વધ્યું છે. વરસાદી માહોલમાં મચ્છરજન્ય રોગચાળાના કેસ વધી રહ્યા છે, અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યૂના ૧૪ અને મેલેરિયાના ૪ કેસ નોંધાયા છે, ગત સપ્તાહે ડેન્ગ્યુના ૭ કેસ હતા, આમ એક જ સપ્તાહમાં ડેન્ગ્યુના કેસ ડબલ થયા છે, આ જ રીતે શહેરની ખાનગી હોસ્પિટલોમાં પણ મચ્છરજન્ય રોગચાળાના કેસનું પ્રમાણ વધ્યું છે. બીજી તરફ તાવ સહિતના વાયરલ ઈન્ફેક્શનના એક

સપ્તાહમાં નવા ૧,૦૯૩ કેસ નોંધાયા છે, જે ગત સપ્તાહે ૧,૦૫૦ કેસ હતા, આમ વાયરલના કેસમાં પણ વધારો જોવા મળ્યો છે.સોલા સિવિલ હોસ્પિટલના ડો. પ્રદીપ પટેલે જણાવ્યું હતું કે, મચ્છરજન્ય રોગચાળાના કેસ ધીમે ધીમે વધી રહ્યા છે, સોલામાં ઓપીડીમાં આવતાં દર્દીઓની સંખ્યા રોજ સરેરાશ ૧૬૦૦ આસપાસ થઈ છે. હોસ્પિટલ સૂત્રોએ કહ્યું કે, છેલ્લા એક સપ્તાહમાં ટાઈફોઈડના ૧૧, કમળાના ૨ દર્દી નોંધાયા છે, પીડિયાટ્રિક વિભાગની ઓપીડીમાં નોંધાતાં બાળકો પૈકી ૩૨થી ૩૫ ટકા બાળકોને અત્યારે દાખલ કરીને સારવાર આપવી પડે છે જ્યારે પુખ્ત વયના દર્દીઓમાં આ રેશિયો ૮થી ૧૦ ટકા આસપાસ છે. છેલ્લા લાંબા સમયથી કોરોનાનો નવો એક પણ કેસ નોંધાયો નથી, એ જ રીતે સ્વાઈન ફ્લૂના નવા કેસ સામે આવ્યા નથી, આખા ગુજરાતમાં જ ગત એક મહિનામાં સ્વાઈન ફ્લૂના ચાર જેટલા નવા કેસ નોંધાયા હતા.

રાજકોટમાં બેડીનાકા-પ્રદ્યુમનનગર સબ ડિવિઝનના વિસ્તારોમાં ૪૪ ટીમનું વીજ ચેકિંગ

કુલ ૪ ફીડર આવરી લેવામાં આવ્યા: બે દિવસમાં ૪૩ લાખની વીજચોરી ઝડપાઈ,૫ દિવસમા ૧.૩૦ કરોડથી વધુની વીજચોરી ઝડપી

રાજકોટ.તા.૧૯

જૂન મહિના બાદ જુલાઈ મહિનાની શરૂઆત થતા ત્રીજા સપ્તાહની શરૂઆતથી PGVCL દ્વારા દરોડા કામગીરી શરૂ કરવામાં આવી છે. આજે ફરી રાજકોટ શહેરમાં સતત ત્રીજા દિવસે વહેલી સવારથી PGVCLની કોર્પોરેટ ટીમ દ્વારા રાજકોટ સિટી સર્કલ ડિવિઝન ૨ હેઠળ બેડીનાકા અને પ્રદ્યુમનનગર સબ ડિવિઝનના વિસ્તારમાં અલગ અલગ ૪૪ ટીમ દ્વારા વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, બે દિવસમાં ૧૭૩૮ કનેક્શન ચેક કરી ૨૦૮ કનેક્શનમાંથી ૪૨.૮૨ લાખની વીજ ચોરી ઝડપી પાડવામાં આવી છે. રાજકોટ શહેરી વિસ્તારમાં વીજ ચેકિંગ અંગે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. જૂન મહિના બાદ જુલાઈ મહિનાની શરૂઆત થતા ત્રીજા સપ્તાહની

શરૂઆત થતાની સાથે જ રાજકોટ શહેરી વિસ્તારમાં વહેલી સવારથી આજે સતત ત્રીજા દિવસે અલગ અલગ ૪૪ ટીમ દ્વારા રાજીવનગર, બજરંગવાડી, ભોમેશ્વર, વાવડી, નહેરૂનગર, ભક્તિનગર અને શ્યામનગર સહિતના વિસ્તારમાં વીજ ચોરી ઝડપી પાડવા કવાયત શરૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૪ ફીડર આવરી લેવામાં આવ્યા છે. આજની ચેકિંગ ડ્રાઈવમાં કુલ ૪ વીડિયો ગ્રાફર, ૧૫ લોકલ પોલીસ, નિવૃત આર્મીમેન ૨૦ અને ૧૫ SRPનો સમાવેશ કરવામાં આવ્યો છે.

છેલ્લા બે દિવસમાં ૧૭૩૮ કનેક્શન ચેક કરી ૨૦૮ કનેક્શનમાંથી ૪૨.૮૨ લાખની વીજ ચોરી ઝડપી પાડવામાં આવી છે. જેમાં પ્રથમ દિવસે ૮૯૬ કનેક્શન ચેક કરી ૧૦૭ કનેક્શનમાંથી ૨૫.૫૭ લાખની અને ગઈકાલે બીજા દિવસે ૮૪૨ કનેક્શન ચેક કરી ૧૦૧ કનેક્શનમાંથી ૧૭.૨૫ લાખની વીજચોરી ઝડપી પાડવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ગત જૂન મહિનાના બીજા સપ્તાહ દરમિયાન ૫ દિવસ દરમિયાન શહેરી વિસ્તારમાં દરોડા પાડી PGVCL દ્વારા ૫ દિવસમાં ૧.૩૦ કરોડથી વધુની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી. જેમાં અંદાજિત ૨૦૦૦થી વધુ કનેક્શન ચેક કરી ૪૫૦થી વધુ કનેક્શનમાંથી વીજ ચોરી ઝડપી પાડવામાં આવી હતી. જ્યારે મે મહિના દરમિયાન પણ રાજકોટ શહેરમાંથી કુલ ૧ કરોડ ૧૪ લાખથી વધુની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી.

વેરાવળમાં ભારે વરસાદ, ૧૬૦ લોકોના NDRFએ જીવ બચાવ્યા

વેરાવળ.તા.૧૯

ભારે વરસાદના કારણે વેરાવળ ભાલકા મંદિર પાસે રેસ્ક્યુ ઓપરેશન કરવામાં આવ્યું છે. જેમાં NDRFની ટીમ દ્વારા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યાં છે. ગીર સોમનાથ જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેમાં જિલ્લાના તાલાલા, વેરાવળ ધોધમાર વરસાદ સાથે સુત્રાપાડામાં સૌથી વધુ ૨૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. રાજ્યના ૪ તાલુકાઓમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. ગીર સોમનાથના વેરાવળ તાલુકામાં ૨૦ ઈંચ વરસાદ ખાબક્યો હતો. ભારે વરસાદના કારણે વેરાવળ શહેર જળમગ્ન થયું હતું. વેરાવળ શહેરમાં અનેક સોસાયટીમાં કેડ સમા પાણી ભરાયા હતા. શહેરના તમામ રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાઇ જવાના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થયું હતું. વેરાવળ-કોડીનાર ફોર ટ્રેક હાઈવે પર પાણી ભરાતા વાહનવ્યવહાર ખોરવાયો હતો. ભારે વરસાદના કારણે અનેક નીચાણવાળા ઘરો તેમજ દુકાનોમાં પાણી ભરાયા હતા.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.